અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ ઓક્ટોબર ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો વદ ૧૪ | અંક : ૯૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### રોકાણકારોને ૩.૭૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન

# શેર બજારમાં હાહાકાર, સેન્સેક્સ ૧૩૦૦, નિફ્ટી ૩૭૦ પોઈન્ટ તૂટ્યો

## સેન્સેક્સ ઘટાડા સાથે ૮૪,૨૯૯ અંક પર બંધ : બજારમાં સૌથી મોટી નફાખોરી બેન્કિંગ શેરોમાં જોવા મળી : નિફ્ટી બેન્ક પણ ૮૫૭ અંક ગગડીને બંધ થયો

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

સપ્ટેમ્બર ૨૦૨૪ના છેલ્લા વેપારી સત્રમાં શેર બજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો. આખા મહિના દરમિયાન બજારમાં રહેલા તેજીના ઉત્સાહ પર પાણી ફેરવી દીધું છે. મહિનાના છેલ્લા સત્રમાં સેન્સેક્સ અને નિફ્ટી ઉંધે માથે પટકાયા છે. બેન્કિંગ ઓટો સેક્ટરના સ્ટોક અને શેર બજારની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરોની ભારે ઘટાડાને કારણે બજારમાં આ ઘટાડો જોવા મળી છે.

આજનો વેપાર પૂરો થતાં BSE સેન્સેક્સ ૧૨૭૨ અંકના ઘટાડા સાથે ૮૪,૨૯૯ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૬૮ અંકના ઘટાડા સાથે ૨૫,૮૧૧ અંક પર બંધ થયો છે. શેર બજારમાં જોરદાર ઘટાડાને કારણે આજના સત્રમાં રોકાણકારોને ભારે નુકસાન થયું છે. BSE પર લિસ્ટેડ સ્ટોક્સનું માર્કેટ કેપ ઘટીને ૪૭૪.૨૫ લાખ કરોડ રૂપિયા પર બંધ થયું છે જે અગાઉના સત્રમાં ૪૭૭.૯૩ લાખ કરોડ રૂપિયા પર બંધ થયું હતું. એટલે કે આજના સેશનમાં રોકાણકારોને ૩.૬૮ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. બજારમાં સૌથી મોટી નફાખોરી બેન્કિંગ શેરોમાં જોવા મળી છે. નિફ્ટી બેંક પણ ૮૫૭ અંક ગગડીને બંધ થયો છે. આ ઉપરાંત ઓટો અને IT સ્ટોક્સમાં પણ ગિરાવટ રહી. ફાર્મા, FMCG, એનર્જી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરોમાં પણ વેચવાલી રહી. માત્ર મેટલ્સ અને મીડિયા સ્ટોક્સ તેજી સાથે બંધ થયા. આજના ટ્રેડમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ ગિરાવટ જોવા મળી છે.

### એશિયન માર્કેટમાં જાપાનના નિક્કેઈ ઈન્ડેક્સમાં પણ ૪.૬૪% નો કડાકો બોલાઈ જતાં હાહાકારની સ્થિતિ સર્જાઈ



વિશ્લેષકો માને છે કે શેરબજારમાં ઘટાડાનું મુખ્ય કારણ વિદેશી રોકાણકારો દ્વારા ભારે વેચવાલી હતી. આજે શેરબજારમાં FIIએ જંગી નફો બુક કર્યો હતો. આ સિવાય આજે યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલ નીતિગત વ્યાજ દરો પર ભાષણ આપશે. બજારના રોકાણકારોની નજર આજે મોડી રાત્રે તેમના ભાષણ પર છે. એશિયન માર્કેટમાં જાપાનના નિક્કેઈ ઈન્ડેક્સમાં પણ ૪.૬૪% નો કડાકો બોલાઈ જતાં હાહાકારની સ્થિતિ સર્જાઈ હતી. જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ૨.૨૩% વધ્યો હતો. બીજી બાજુ ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ ૫.૧૮%ના વધારા સાથે કારોબાર કરી રહ્યો છે. ૨૭ સપ્ટેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ ૦.૩૩% વધીને ૪૨,૩૧૩ પર બંધ થયો હતો. Nasdaq ૦.૩૯% ઘટીને ૧૮,૧૧૯ પર આવી ગયો. S&P ૫૦૦ પણ ૦.૧૩% ઘટીને ૫,૭૩૮ પર આવી ગયો. NSEના ડેટા અનુસાર, વિદેશી રોકાણકારો (FII) એ ૨૭ સપ્ટેમ્બરે રૂ. ૧,૨૦૯.૧૦ કરોડના શેરનું વેચાણ કર્યું હતું. આ સમયગાળા દરમિયાન સ્થાનિક રોકાણકારો (DII) એ રૂ. ૬,૮૮૬.૬૫ કરોડના શેર ખરીદ્યા હતા. નોંધનીય રીતે, ફેડના અધિકારીઓનું એક જૂથ સમગ્ર સપ્તાહ દરમિયાન બોલવાનું સુનિશ્ચિત કરે છે, અને બજારો નાણાકીય નીતિની દિશા પરના સંકેતો પર નજીકથી નજર રાખે છે. આ સમય દરમિયાન, અમેરિકામાં જોબ ઓપનિંગ્સ, ખાનગી ભરતીઓની સંખ્યા એટલે કે રોજગાર તેમજ ઉત્પાદન અને સેવાઓ પરના ISM સર્વેક્ષણનો ડેટા બહાર પાડવામાં આવશે.

### તિરુપતિ લાડુમાં ચરબી અંગેના વિવાદમાં સુપ્રીમ લાલઘૂમ

# આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ ભગવાનને રાજકારણથી દૂર રાખવાની જરૂર : સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

તિરુપતિ લાડુમાં ચરબી અંગેના વિવાદમાં સુપ્રીમ કોર્ટ બરાબરની લાલઘૂમ થઈ. સુપ્રીમ કોર્ટના જજોએ કહ્યું કે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ ભગવાનને રાજકારણથી દૂર રાખવાની જરૂર હતી. જો પ્રસાદીમાં ભેળસેળનો રિપોર્ટ બે મહિના અગાઉ આવી ગયો હતો તો નિવેદન જાહેર કરવામાં વિલંબ કેમ કર્યો? સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ બી.આર.ગઈ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથની બેન્ચે સુનાવણી વખતે કહ્યું કે પ્રસાદ ત્યારે કહેવાય છે જ્યારે તેને ભગવાનને ચઢાવી દેવામાં આવે છે. એના પહેલા તો તે મીઠાઈ જ હોય છે. એટલા માટે ભગવાન-ભક્તોનો હવાલો ન આપશો. ભગવાનને રાજકારણથી દૂર રાખજો. જસ્ટિસ બી.આર.ગવઈ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેંચ સમક્ષ સુબ્રમણ્યમ સ્વામીના વકીલે કહ્યું કે પ્રસાદ બનાવવા માટે વપરાતી સામગ્રી તપાસ્યા વિના રસોડામાં જઈ રહી હતી. તપાસમાં આ અંગે ખુલાસો થયો છે. તેના પર નજર રાખવાની જવાબદારી તંત્રની હોય કારણ કે સિસ્ટમ તેની દેખરેખ માટે જવાબદાર હોવી જોઈએ કારણ કે પ્રસાદ દેવતાને અર્પણ થાય છે અને જનતા અને ભક્તો માટે તે સૌથી પવિત્ર ગણાય છે. કોર્ટમાં દાખલ કરાયેલી અરજીઓમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ દ્વારા કરાયેલા આરોપોની કોર્ટની નજર હેઠળ તપાસની માંગ કરવામાં આવી છે. અરજદારોનો



દાવો છે કે તિરુપતિ મંદિરમાં લાડુ બનાવવામાં પ્રાણીઓની ચરબી અને માછલીના તેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. દરમિયાન લાડુમાં વપરાતા પ્રસાદમ અને ઘીની ગુણવત્તા ચકાસવા માટે રાજ્ય સરકારની એક સોસાયટી તિરુપતિમાં છે.

તિરુપતિ મંદિરના બોર્ડ વતી વરિષ્ઠ એડવોકેટ સિદ્ધાર્થ અને આંધ્ર પ્રદેશ રાજ્ય વતી વરિષ્ઠ એડવોકેટ એડવોકેટ મુકુલ રોહતગી હાજર રહ્યા હતા. જસ્ટિસ બીઆર ગવઈએ આંધ્ર પ્રદેશ સરકાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીના પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, "જ્યારે તમે બંધારણીય પદ સંભાળો છો, ત્યારે તમારી પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ભગવાનને રાજકારણથી દૂર રાખવામાં આવે."

## મહારાષ્ટ્રમાં ગાયને રાજ્યમાતા તરીકેનું બિરુદ આપવામાં આવ્યું

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

મહારાષ્ટ્રની એકનાથ શિંદે સરકારે મોટો નિર્ણય લીધો છે. સરકારે ગાયને રાજ્ય માતા તરીકે જાહેર કરી છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે, ભારતીય સંસ્કૃતિ અને વૈદિક કાળમાં ગાયને મહત્ત્વ આપવામાં આવ્યું છે, જેને ધ્યાનમા રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. શિંદે સરકારે આ સાથે એમ પણ કહ્યું કે, દેશી ગાયનું દૂધ માનવ આહાર માટે વિશેષ યોગ્ય છે.

### તેમની અદ્‌ભુત સિનેમેટિક સફર પેઢીઓને પ્રેરણા આપે છે!

# મિથુન ચક્રવર્તીને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરાશે

। (એજન્સી) મુંબઈ, તા ૩૦ ।

વરિષ્ઠ બોલિવૂડ અભિનેતા મિથુન ચક્રવર્તીને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરાશે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે X પર સમાચાર શેર કર્યા. તેમણે લખ્યું, "મિથુન દાની અદ્ભુત સિનેમેટિક સફર પેઢીઓને પ્રેરણા આપે છે! દાદાસાહેબ ફાળકે પસંદગી જ્યુરીએ સુપ્રસિદ્ધ અભિનેતા શ્રી મિથુન ચક્રવર્તી જીને તેમના પ્રતિષ્ઠિત યોગદાન માટે પુરસ્કાર આપવાનો નિર્ણય કર્યો છે. ૮ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ યોજાનાર ૭૦મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં અભિનેતાને એવોર્ડથી સન્માનિત



કરવામાં આવશે. મોટી સિદ્ધિ પર પ્રતિક્રિયા આપતા મિથુને ANIને કહ્યું, "હું કેવું અનુભવું છું તે વ્યક્ત કરવાની મારી પાસે કોઈ ભાષા નથી. ના હું હસી શકતો નથી, કે હું ખુશીમાં રડી શકતો નથી, કોલકાતાના બાયલેન્સ, આવી જગ્યાનો એક છોકરો આટલું સન્માન જીતી રહ્યો છે.

### મોદી વિશેની ખડગેની ટિપ્પણી પર અમિત શાહનો પ્રહાર

# ખડગેએ બિનજરૂરી રીતે PMને પોતાના અંગત સ્વાસ્થ્યના મામલામાં ખેંચ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી,તા.૩૦ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે કોંગ્રેસ પ્રમુખ ખડગેએ કરેલી ટિપ્પણી શરમજનક હોવાનું અમિત શાહે જણાવ્યું હતું. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આજે સોમવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા કરવામાં આવેલી 'વડાપ્રધાન મોદીને સત્તા પરથી હટાવ્યા બાદ જ મરવાની' ટિપ્પણી પર પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, મલ્લિકાર્જુન ખડગેએ બિનજરૂરી રીતેઁ સ્ને પોતાના અંગત સ્વાસ્થ્યના મામલામાં ખેંચ્યા છે. આ ટિપ્પણી દર્શાવે છે કે કોંગ્રેસના લોકોમાં ખૂબ નફરત છે'' અમિત શાહે આ ટિપ્પણીને વાંધાજનક અને અપમાનજનક કહી



છે. રવિવારે ચૂંટણી રેલી દરમિયાન ભાષણ આપતી વખતે કોંગ્રેસ અધ્યક્ષ ખડગે લગભગ બેહોશ થઈ ગયા હતા. જોકે, થોડા સમય પછી તેમની તબિયતમાં સુધારો થતાં તેમણે કહ્યું હતું કે, PM મોદીને સત્તા પરથી હટતા જોતા પહેલા તેઓ મૃત્યુ પામશે નહીં. અમિત શાહે આગળ કહ્યું કે, ''PM મોદી મલ્લિકાર્જુન ખડગેના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરે છે, હું પન પ્રાર્થના કરું છું અને અમે બધા પ્રાર્થના કરીએ છીએ કે તેઓ લાંબા સમય સુધી સ્વસ્થ રહે. તેઓ ઘણા વર્ષો સુધી જીવે અને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ જુએ.'' આ પહેલા જમ્મુ-કાશ્મીરમાં એક રેલીમાં મલ્લિકાર્જુન ખડગેની તબિયત અચાનક બગડી હતી અને તેઓ બેભાન થઈ ગયા હતા. જો કે, થોડા વિરામ પછી, તેમણે તેમનું ભાષણ ફરી શરૂ કર્યું અને કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સત્તા પરથી હટાવવામાં નહીં આવે તે પહેલાં તેઓ મૃત્યુ પામશે નહીં.

## ઇઝરાયેલના હવાઈ હુમલાથી લેબનોનમાં ફરીવાર તબાહી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ઈઝરાયેલ અને લેબનોન વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ સતત વધી રહ્યો છે. લેબનીઝ આરોગ્ય મંત્રાલયે માહિતી આપી હતી કે ગયા રવિવારે ઈઝરાયેલી સેનાએ બે અલગ-અલગ વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા હતા, જેમાં ઓછામાં ઓછા ૪૫ લોકો માર્યા ગયા હતા અને ૭૬ ઘાયલ થયા હતા.

## મહારાષ્ટ્રમાં ૧૦ દિવસમાં સીટ-શેરિંગ અંગે નક્કી થશે : પવાર

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

મહાવિકાસ અઘાડી મહારાષ્ટ્ર વિધાનસભાની આગામી ચૂંટણી માટે ૮થી ૧૦ દિવસમાં તેની બેઠકોની વહેંચણીની વાટાઘાટો પૂર્ણ કરશે. વિપક્ષી ગઠબંધને રાજ્યમાં સત્તામાં આવવા માટે ''કોઈપણ ભોગે'' પ્રયાસ કરવો પડશે તેમ એનસીપીના વડા શરદ પવારે રવિવારે જણાવ્યું હતું. જેમણે પાર્ટી છોડી છે તેમને નિશાન બનાવતાં પવારે દાવો કર્યો હતો કે રાજ્યમાં આમાંથી ગણાગાંઠ્યા લોકો પણ ચૂંટણી નહિ જીતે. રાજ્યમાં ચૂંટણી નવેમ્બરના મધ્યમાં યોજાશે તેવી સંભાવના વ્યક્ત કરતાં પવારે ઉમેર્યુ હતું કે માત્ર ઉમેદવારોની પસંદગીના આધારે જ જીત શક્ય છે. 'તમે તમામ સીટો જીતી ન શકો અને સાથેના અન્ય ઉમેદવારોને મેદાનમાં ઉતારવા અન્ય ભાગીદારોનો સાથ લેવો પડશે. અમારે કોઈપણ ભોગે અમારી સરકાર રચવી પડશે' તેમ જણાવતાં પવારે ઉમેર્યુ હતું કે એમવીએના ગઠબંધનો ઉમેદવારોની પસંદગી મામલે પાર્ટીના કાર્યકરોના અભિપ્રાયો માગશે. દરેક તાલુકાનો સર્વે પણ કરાઈ રહ્યો છે. પવારે ઉમેર્યુ હતું કે રાજકીય પક્ષો તેમના પોતાના નિર્ણય લઈ શકે છે. પરંતુ કાર્યકરો લોકો સાથે સીધીરીતે સંકળાયેલા હોય છે. જે અમને છોડીને ગયા છે તેમાંથી થોડાક જ ચૂંટાશે. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં સારા દેખાવને કારણે પ ાર્ટીના કાર્યકરો પાસેથી લોકોને ઘણી અપેક્ષા છે.

## ચિરાગ પાસવાન એનડીએને મોટો ઝટકો આપવાની તૈયારીમાં!

। (એજન્સી) પટણા, તા.૩૦ ।

કેન્દ્રીય મંત્રી અને લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના અધ્યક્ષ તથા કેન્દ્રીય ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાને કહ્યું કે તેમની પાર્ટી ઝારખંડ વિધાનસભા ચૂંટણી લડશે અને ગઠબંધનમાં કે એકલા ચૂંટણી લડવા સહિત તમામ વિકલ્પો પર વિચાર વિમર્શ કરવામાં આવી રહ્યો છે. ચિરાગે આ નિવેદન એવા સમયે આપ્યું છે જ્યારે એક દિવસ પહેલા આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્માએ શનિવાર, ૨૮ સપ્ટેમ્બરે જાહેરાત કરી હતી કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ઝારખંડમાં આગામી વિધાનસભા ચૂંટણી રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ)ના ઘટક પક્ષો 'ઓલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયન' (આજસુ) અને જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) સાથે મળીને લડશે. કેન્દ્રીય ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રીએ ધનબાદ જતા સમયે રાંચીના બિરસા મુંડા હવાઈ મથકે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, "લોજપાની પ્રદેશ એકમ ગઠબંધન કે એકલા ચૂંટણી લડવા સહિત તમામ વિકલ્પો પર વિચાર વિમર્શ કરી રહી છે." લોજપા (રામવિલાસ) કેન્દ્રમાં ભાજપ નીત એનડીએ સરકારનો ભાગ છે. તેમણે કહ્યું કે ઝારખંડમાં પાર્ટીનો મજબૂત જનાધાર છે. ચિરાગે કહ્યું, "જ્યારે મારો જન્મ થયો, ત્યારે ઝારખંડ એકીકૃત બિહારનો ભાગ હતો. આ મારા પિ તાની કર્મભૂમિ રહી છે.




**ન્યૂઝ બ્રિફ**

## હયાત પુલ અને સ્ટ્રક્ચર્સ પહોળા કરવાની મંજુરી

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં માર્ગો પરના સાંકડા પુલ-સ્ટ્રક્ચર્સને પહોળા કરી ટ્રાફિક જામ થવાની સમસ્યામાંથી મુક્તિ માટેનો મહત્વપૂર્ણ પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે. રાજ્યમાં ૨૦ જેટલા માર્ગો-રસ્તાઓ પર રોડની સાપેક્ષમાં સાંકડા હોય તેવા ૪૧ હયાત પુલ અને સ્ટ્રક્ચર્સ પહોળા કરવાની કામગીરી માટે મુખ્યમંત્રીએ ૨૪૫.૩૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. માર્ગ અને મકાન વિભાગ હવે આવા સાંકડા પુલ અને સ્ટ્રક્ચર્સને રસ્તાઓની પહોળાઈને અનુરૂપ વાઈડનીંગ કરવાની કામગીરી હાથ ધરશે. રાજ્યમાં કુલ મળીને એવા ૪૧ પુલો કે સ્ટ્રક્ચર્સ છે જેની પહોળાઈ રસ્તાઓની પહોળાઈ કરતા સાંકડી છે. આના પરિણામે આવા પુલો-સ્ટ્રકચર્સ પર ટ્રાફિક જામ થવાની સમસ્યા ઊભી થાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ધ્યાને આ વિષય આવતા તેમણે લોકોને ટ્રાફિક જામની સમસ્યા ભોગવવી ન પડે તેમજ ઝડપી અને સલામત યાતાયાત થઈ શકે તે હેતુથી મહત્વ પૂર્ણ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રીએ તેના માટે ૨૪૫.૩૦ કરોડ રૂપિયા સાંકડા પુલો અને સ્ટ્રક્ચર્સના વાઈડનીંગ માટે ફાળવ્યા છે. મુખ્યમંત્રીના આ જન હિતકારી નિર્ણયથી આગામી દિવસોમાં રાજ્યના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્કમાં વધુ સુવિધાજનક નેટવર્ક નાગરિકોને ઉપલબ્ધ થશે અને ઈઝ ઓફ લિવિંગમાં વૃદ્ધિ થશે.

## અમદાવાદ-ઇન્દોર હાઇવે ઉપર દાહોદના જાલત નજીક અકસ્માત

। (એજન્સી) દાહોદ, તા.૩૦ ।

રાજ્યમાં સતત અકસ્માતોની વણઝાર વધતી જતી જાય છે. ત્યારે દાહોદના જાલત નજીક એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક-પછી એક ચાર ટ્રકો એકબીજા સાથે અથડાઈ હતી. જેમાં એક વ્યક્તિને ઈજા પહોંચતાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની જાણ થતાં ડીવાયએસપી સહિત પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ-ઈન્દોર હાઈવે પર દાહોદના જાલત નજીક ભયંકર અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. જેમાં બે ટ્રકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ત્યારે ત્રીજા ટ્રકના ચાલકે બે ટ્રક વચ્ચે થયેલા અકસ્માતના ટ્રક ચાલકને બહાર કાઢવા માટે ટ્રક ઉભી રાખી હતી, તે દરમિયાન ચોથા ટ્રકે તેને ધડાકાભેર ટક્કર મારી હતી. જેથી આ અકસ્માતમાં એક વ્યક્તિને ઈજાગ્રસ્ત થતાં તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માતના બનાવમાં એક ટ્રક કન્ટેનરમાં દારૂનો જથ્થો ભરેલો હોવાનું પણ સામે આવ્યું છે.

### નળ સરોવરમાં બર્ડ સેન્ચ્યુરી સહેલાણીઓ માટે ખુલ્લું છે

# સહેલાણીઓને આકર્ષવા માટે નળ સરોવરનો વિકાસ કરાશે

। (એજન્સી) અમદાવાદ,તા.૩૦ ।

અમદાવાદ જિલ્લામાં સાણંદ-બાવળા તાલુકા વિસ્તારને અડીને આવેલા નળ સરોવરનું લોકોમાં ભારે આકર્ષણ છે. આખા વર્ષ દરમિયાન ૬૦ હજારથી વધુ સહેલાણીઓ આવે છે. ખાસ કરીને શિયાળામાં દેશવિદેશથી આવતા અઢીથી ત્રણ લાખ પક્ષીઓને જોવા મોટી સંખ્યામાં સહેલાણીઓ આવતાં હોય છે. ત્યારે સહેલાણીઓની સંખ્યા વધારવા માટે ગુજરાત ટુરિઝમ વિભાગ દ્વારા નળ સરોવર વિસ્તારનો વિકાસ કરાઈ રહ્યો છે. જેમાં નળ સરોવર ખાતે બે એન્ટ્રી ગેટ, બોટીંગ, કાફેટ એરિયા, જમવાની વ્યવસ્થા, પક્ષીઓને જોવા ખાસ વ્યવસ્થા, રિસેપ્શન સેન્ટર સહિતની સુવિધાઓ ઊભી કરાશે. નળ સરોવર વિસ્તાર ફોરેસ્ટ વિભાગમાં આવે છે. જેથી સમગ્ર વિસ્તારમાં અવરજવરથી લઈ સંચાલન ફોરેસ્ટ વિભાગ દ્વારા જ કરાય છે. પરંતુ નવા નજરાણા બાદ નળ સરોવરોનું સંચાલન પીપીપી ધોરણે કરાય તેવી શકયતા છે. જેથી કરીને ઊભી કરાયેલી નવી સુવિધાઓની સારી રીતે જાળવણી થઈ શકે. ટુરિઝમ વિભાગના સુત્રો કહ્યું કે, નળ સરોવર વિસ્તારના વિકાસથી સ્થાનિક લોકોને રોજગારી મળશે. સાથો સાથ અમદાવાદ અને આસપાસના જિલ્લાઓને દેશ-વિદેશના જવલ્લેજ દેખાતા પક્ષીઓને જોવાનો લાભ મળી



શકશે. ભવિષ્યમાં અમદાવાદની AMTS બસ સેવાને નળસરોવર સુધી લંબાવાશે. હાલ નળ સરોવરમાં બર્ડ સેન્ચ્યુરી સહેલાણીઓ માટે ખુલ્લું છે. પરંતુ સહેલાણીઓની સંખ્યા સામાન્ય છે. દિવાળીની રજાઓમાં સંખ્યા વધશે. દિવાળી પછી ઠંડીના ચાર મહિના અઢીથી ત્રણ લાખ પક્ષીઓની અવરજવર રહે છે, એટલે સહેલાણીઓના ટોળે ટોળાં આવતાં હોય છે. વહેલી પરોઢિયે સહેલાણીઓ આવે છે, કેટલાક અડધો દિવસ સુધી રોકાય છે. સાંજના સમય ઠંડક પ્રસરતા પક્ષીઓની અવરજવર રહેતી હોવાથી તેને જોવા માટે સહેલાણીઓ આવતાં હોય છે. નળ સરોવરને વિકસાવાની કામગીરી પૂર જોશમાં ચાલી રહી છે. આગામી જૂન-૨૦૨૫માં કામગીરી પૂરી થઈ જવાની શક્યતા છે. જેથી કરીને ઉનાળાના વેકેશનથી જ સહેલાણીઓને આકર્ષિત કરી શકાય. અત્યારે એન્ટ્રીગેટ તૈયાર થઈ ગયા છે, હવે બોટીંગ એરિયાથી લઈ અન્ય કામગીરી ચાલી રહી છે.

વિરગામ અને બગોદરા મળી બે એન્ટ્રી ગેટ રહેશે ટિકિટ માટે અલગ એરિયા પાણીનું લેવલ જાળવી શકાશે એક મોટો હોલ બનશે, જેમાં નળ સરોવરના ઈતિહાસને આવરી લેવાશે, દેશ-વિદેશના પક્ષીઓની માહિતી પણ હશે નળ સરોવરના દૂર રહેલા પક્ષીઓ અને તેઓની એક્ટીવિટી જોઈ શકાશે બોટીંગ એરિયામાં વિવિધ પ્રકારની બોટ રખાશે. બોટીંગ એરિયામાં ચા-નાસ્તા માટે આકર્ષક કાફેટ એરિયા બનશે હાલ જ્યાં દુકાનો બનાવી છે, તે વિસ્તારમાં જમવા માટે ફુડ કોર્ટની વ્યવસ્થા રહેશે, જેમાં દેશ સહિત વિવિધ પ્રકારની ખાદ્ય ચીજ-વસ્તુઓ મળશે. લોકો પૂછપરછ કરીને જાણકારી મેળવી શકે તે માટે રિસ્પેશન સેન્ટર બનશે કયુઆર કોડથી માહિતી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરાશે

### ગુજરાતમાં ૧૧ નવેમ્બરથી ૯૦ દિવસ સુધી ખરીદી થશે

# મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

કૃષિ મંત્રી રાઘવજી પટેલે કહ્યું છે કે, ગુજરાતમાં લાભ પાંચમ બાદ તા. ૧૧મી નવેમ્બરથી ૯૦ દિવસ સુધી મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી થશે. ચાલુ વર્ષે મગફળીના બમ્પર ઉત્પાદનને લક્ષ્યમાં લઈને કેન્દ્ર સરકારના સહયોગથી રાજ્ય સરકારનું વિશેષ આયોજન કરવામાં આવશે. ખેડૂતો તા. ૩ થી ૩૧ ઑક્ટોબર સુધી ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવી શકશે. ગાંધીનગર ખાતે ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાના આયોજન અંગે ઉચ્ચસ્તરીય બેઠક કૃષિ મંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. ગાંધીનગર ખાતે ગત તા. ૨૬મી સપ્ટેમ્બરના રોજ કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાના આયોજન અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. ગુજરાતના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં ચાલુ વર્ષે મગફળીના બમ્પર ઉત્પાદનને ધ્યાને લઈ કેન્દ્ર સરકારના સહયોગથી રાજ્ય સરકારે કેન્દ્રીય નોડલ એજન્સીના માધ્યમથી ટેકાના ભાવે ખરીદીનું વિશેષ આયોજન કર્યું છે. આ આયોજન અંગે વિગતો આપતા કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકારના પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન અંતર્ગત પી.એસ.એસ. હેઠળ ગુજરાતમાં મગફળી, મગ, અડદ અને સોયાબીન પાકની ટેકાના ભાવે લાભ પાંચમ પછી તા. ૧૧મી નવેમ્બર, ૨૦૨૪ના રોજથી ખરીદી શરૂ કરવા માટેનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યમાં ખરીફ પાકોના કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ટેકાના ભાવે ખરીદી માટે ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. આ કેન્દ્રો ખાતેથી ૯૦ દિવસ સુધી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. ટેકાના ભાવે ખરીફ પાકોનું વેચાણ કરવા માટે ખેડૂતોને અનુરોધ કરતા મંત્રી પટેલે કહ્યું હતું કે, ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવા માટે ખેડૂતોએ તા. ૦૩ ઓક્ટોબરથી ૩૧ ઑક્ટોબર,૨૦૨૪ દરમિયાન ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી ફઝઈ મારફત ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. રાજ્ય સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે, અને આ માટે રાજ્ય સરકાર દ્વારા પૂરતું આગોતરૂ આયોજન કરવામાં આવ્યું છે. ભારત સરકારે ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ખરીફ પાકોનું વાવેતર થાય તે પહેલા જ ટેકાના ભાવ જાહેર કર્યા હતા. જે અનુસાર મગફળી રૂ. ૬,૭૮૩ પ્રતિ ક્વિન્ટલ , મગ રૂ. ૮,૬૮૨ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧૭૩૬.૪૦ પ્રતિ મણ), અડદ રૂ. ૭,૪૦૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ.૧૪૮૦ પ્રતિ મણ) તેમજ સોયાબિન રૂ. ૪,૮૯૨ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૯૭૮.૪૦ પ્રતિ મણ)ના ભાવે ખરીદી કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ગુજરાતના ખેડૂતો પાસેથી પી.એસ.એસ હેઠળ ટેકાના ભાવે ૬૧,૩૭૨ લાભાર્થી ખેડૂતો પાસેથી રૂ. ૬૭૧ કરોડથી વધુ કિંમતના ૧,૧૮,૦૦૦ મે. ટન જથ્થાની ખરીદી કરવામાં આવી હતી. ગત વર્ષના પ્રમાણમાં રાજ્યના મહત્તમ ખેડૂતો ટેકાના ભાવે ખરીદીનો લાભ લે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

### કોન્સ્ટેબલ વાયપરના સહારે બોનટ સાથે લટકી રહ્યો

## સુરતમાં બેફામ નબીરાઓએ કોન્સ્ટેબલ પર ચઢાવી કાર

। (એજન્સી) સુરત, તા.૩૦ ।

સત્તા અને પૈસાના નશામાં ચૂર નબીરાઓ કેટલી હદે બેફામ બન્યા છે તેનો પુરાવા સમાન ઘટનામાં સુરતમાં બની. સુરતના વાલક પાટિયા બ્રિજ પાસે જોખમી રીતે કાર ઉભી રાખી રીલ બનાવી રહેલાં બે યુવક-યુવતીઓને ત્યાંથી જવાનું કહેનાર ટ્રાફિક કોન્સ્ટેબલ પર જ કાર ચઢાવી કચડી નાંખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બોનટ પર બેસી વાયપરના સહારે ૩૦૦ મીટર સુધી જીવના જોખમે લટકી રહેલાં આ કોન્સ્ટેબલે કાચ પર લાતો ફટકારવાનું શરૂ કરતાં નબીરાઓએ કાર રોકવાની ફરજ પડી હતી. પોલીસે આ બનાવવામાં બંને નબીરાઓ વિરુદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધી ધરપકડ કરી હતી. ટ્રાફિક શાખાના રિજીયન-વનમાં લોક રક્ષક તરીકે ફરજ બજાવતા નિલેશભાઈ પ્રેમજી બપોરે રાબેતા મુજબ ગોપીન ગામ તરફની સાઈડથી વાલક બ્રિજ પર સ્પીડ ગન લઈને ઉભો હતો. નિયત કરેલી સ્પીડ કરતાં વધુ ઝડપે જતાં વાહનચાલકોને રોકવાની કામગીરી કરતા આ કોન્સ્ટેબલને બપોરે સાડા બાર વાગ્યે આ બ્રિજ પર એક વેન્યુ કાર ઉભી રહેલી જોવા મળી હતી. બે યુવક અને બે યુવતીઓ આ કાર પાસે ઉભા રહી રીલ બનાવી રહ્યાનું જણાઈ આવ્યું હતું. આ કોન્સ્ટેબલે ઓવર બ્રિજ પર અકસ્માત થવાની સંભાવનાઓથી વાકેફ કરી ત્યાંથી જતા રહેવાનું કહેતાં ચારેય કારમાં તો બેસી ગયા હતા. પરંતુ કાર સીધી જ કોન્સ્ટેબલ તરફ હંકારી તેની પર ચઢાવી દેવાની કોશિશ કરી હતી. ચેતી ગયેલો કોન્સ્ટેબલ કૂદીને કારના બોનેટ પર પહોંચી ગયો હતો અને કારના વાયપર પકડી લીધા હતા. કાર પર પોલીસ કર્મચારી હોવાનું અને તેનું મૃત્યુ થઈ શકે તેવું જાણવા છતાં ચાલકે કાર ઉભી રાખી ન હતી. બાજુમાં બેસેલો યુવક પણ તેને ચાલકને ઉશ્કેરવાની કોશિશ કરતો હોઈ આ કોન્સ્ટેબલ એલર્ટ થઈ ગયો હતો. ડ્રાઈવર તરફ આવી જઈ તેનું વિઝન રોકવાની સાથે બોનટ પર લાતો ફટકારતાં કાર ચાલકે ૩૦૦ મીટર આગળ જઈ કાર રોકવાની ફરજ પડી હતી. આ દરમ્યાન બ્રિજ પર લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું. કાર ઉભી રહી તે સાથે જ અંદર બેસેલી બંને યુવતીઓ સરકી ગઈ હતી. બીજી તરફ સરથાણા પોલીસ પણ ત્યાં દોડી આવી હતી. બંને વિરૂદ્ધ આ કોન્સ્ટેબલે હત્યાની કોશિશની ફરિયાદ નોંધાવતાં પોલીસે કાર ચાલક પ્રાંજલ રમેશ ખેની અને કૃપીન હસમુખ વાસાણીની ધરપકડ કરી હતી.

### ખેડૂતોનો મોઢે આવેલ કોળિયો છિનવાયો

## ભારે વરસાદના કારણે ખેતરોમાં ઉભો પાક બરબાદ થઈ ગયો

। (એજન્સી) મહીસાગર, તા.૩૦ ।

રાજ્યમાં પાછોતરો વરસાદ ખેડૂતો પર આફત બનીને વરસ્યો છે. સર્વત્ર અનરાધાર વરસાદ વરસતા પાકને ભારે નુકસાન પહોંચ્યું છે. મહીસાગરના ખાનપુરના કાનેસર ગામમાં ૪૦૦ એકરથી વધુનો ડાંગરનો પાક જમીનદોસ્ત થયો છે, તો બીજી તરફ બનાસકાંઠામાં પણ વરસાદ ખેડૂતો માટે ચિંતા લઈને આવ્યો છે. વરસાદ વધુ પડ્યો હોય કે ઓછો અંતે ખેડૂતોને જ આર્થિક માર સહેન કરવો પડે છે. રાજ્યમાં પાછોતરો વરસાદ ખેડૂતો પર આફત બનીને વરસ્યો છે. સર્વત્ર અનરાધાર વરસાદ વરસતા પાકને ભારે નુકસાન પહોંચ્યું છે. મહીસાગરના ખાનપુરના કાનેસર ગામમાં ૪૦૦ એકરથી વધુનો ડાંગરનો પાક જમીનદોસ્ત થયો છે, તો નવસારીમાં ૭૦ હજાર હેક્ટરથી વધુ જમીનમાં ડાંગરના પાકને નુકસાન થવાની ભીતિ સર્જાઈ છે. બીજી તરફ બનાસકાંઠામાં પણ વરસાદ ખેડૂતો માટે ચિંતા લઈને આવ્યો છે. ખેડૂતોએ લાખો રૂપિયાના ખર્ચે કરેલા પપૈયાના છોડના વાવેતર પર પાણી ફરી વળ્યું છે, તો બાજરી, જુવાર સહિતના પાક આડા પડી જતાં ખેડૂતોને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસતા ખેતરોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે, તો સુરેન્દ્રનગરમાં ખેડૂતો માટે વરસાદ આફતરૂપી બન્યો છે.

### ભૂપેન્દ્ર પટેલ સરકારની ચિંતન બેઠક યોજાશે

## સોમનાથ ખાતે હવે નવેમ્બર મહિનામાં યોજાશે ચિંતન બેઠક

। (એજન્સી) સોમનાથ, તા.૩૦ ।

ગુજરાતની ભૂપેન્દ્ર પટેલ સરકારની ૨૧ નવેમ્બરથી ત્રીદિવસીય ચિંતન બેઠક સોમનાથ ખાતે યોજાશે. ગુજરાત સરકારના તમામ મંત્રીઓ, સચિવ, ઉચ્ચ અધિકારીઓ આ ચિંતન બેઠકમાં હાજર રહેશે. ગીર સોમનાથ જિલ્લાના સોમનાથ ૨૧-૨૨-૨૩ નવેમ્બરે ચિંતન બેઠકનું આયોજન કરાયું છે. ગત વર્ષે મે મહિનામાં ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. ૧૯ થી ૨૧ મે દરમિયાન કેવડિયા કોલોની ખાતે ચિંતન શિબિર યોજાઈ હતી. સોમનાથ ખાતે યોજાનાર ચિંતન શિબિરમાં જે મુદ્દાઓ પર ચર્ચા કરાશે તેના પર કરીએ એક નજર. આ સિવાય સિસ્ટનેબલ ડેવલોપમેન્ટને લઈ અલગથી ચિંતન શિબિરમાં ચર્ચા કરાશે. જેમાં ખાસ કરીને સિસ્ટનેબલ ડેવલોપ મેન્ટ માટે ૧૦ મુદ્દાઓ પર એક્શન પ્લાન તૈયાર થઈ શકે છે, જેમાં કોમ્યુનિટી એકશન પ્લાન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કુપોષણ નિવારણ, પીવાનું શુદ્ધ પાણી, શૌચાલય, બિહેવિયર ચેન્જ કોમ્યુનિકેશન, ખોરાક અને પોષણમાં વિવિધતા, ગ્રામ્ય કક્ષાએ જરૂરી દવાઓની ઉપલબ્ધી, નવજાત બાળકોની કાળજી માટે ઘરગથ્થું ઉપાયો, બાળકોનું સંપૂર્ણ અને અસરકારક રસીકરણનો સમાવેશ થશે. મહત્વનું છે કે ગત વર્ષ ચિંતન શિબિરમાં શિક્ષણ અને આરોગ્ય પર સૌથી વધુ ચર્ચા થઈ હતી.

**વિશેષ** ‘વડાપ્રધાનએ શરૂઆતથી જ મહિલાઓમાં રહેલી કળાને પારખી તેઓને વ્યવસાય કે રોજગારીમાં રૂપાંતરિત કરવાને પ્રાધાન્ય આપ્યું છે’

# મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાની અધ્યક્ષતામાં અડાજણ ખાતે અસંગઠિત ક્ષેત્રોમાં મહિલાઓના સશક્તિકરણ વિષય પર રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

। (માહિતી) ગાંધીનગર ।

જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ મહાનુભાવોના હસ્તે ‘માનસિક સ્વાસ્થ્ય ઔર મહિલા’ પુસ્તકનું વિમોચન કરાયું રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાની અધ્યક્ષતામાં અડાજણ ખાતે અસંગઠિત ક્ષેત્રોમાં મહિલાઓના સશક્તિકરણઃ પડકારો, તકો અને નીતિગત ધારણાઓ’ વિષય પર નેશનલ સેમિનાર યોજાયો હતો. રાષ્ટ્રીય મહિલા આયોગ અને સ્ત્રી ચેતના(સર્વોદય મહિલા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ)ના સંયુક્ત ઉપક્રમે સ્નેહ સંકુલ ભવનમાં યોજાયેલા કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજના વિવિધ અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત સ્ત્રીઓના સશક્તિકરણ દ્વારા તેમના સર્વાંગી વિકાસ સાધવાનો હતો.




આ પ્રસંગે મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રીએ આર્થિક સ્વાવલંબિતા માટે વિવિધ ક્ષેત્રે કામ કરતી મહિલાઓ સામેના પડકારો અને તેને પહોંચી વળવાની તેમની ક્ષમતાઓ વિષે સમજ આપી કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ શરૂઆતથી જ મહિલાઓમાં રહેલી કળાને પારખી તેઓને વ્યવસાય કે રોજગારીમાં રૂપાંતરિત કરવાને પ્રાધાન્ય આપ્યું છે. ઘરની પરિસ્થિતિઓને આધિન લઘુ- નાના ઉદ્યોગ દ્વારા આર્થિક સ્વાવલંબન મેળવવા ઈચ્છતી મહિલાઓને પ્રોત્સાહન આપવા સેંકડો કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. પરિવારને આર્થિક આધાર આપી શકે એ માટે શહેર કે ગામની જરૂરિયાતમંદ મહિલાઓને એકસમાન રોજગારીની તકો મળે એ દિશામાં અવિરત પ્રયત્નો કર્યા છે એમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં મહિલાઓને આર્થિક, સામાજિક, શારીરિક અને માનસિક સુરક્ષા તેમજ સ્વસ્થતા પ્રદાન કરવા રાજ્ય સરકાર દ્વારા ચાલતી યોજનાઓ વિશે વિસ્તારથી જણાવ્યું હતું. ગંગા સ્વરૂપા પેન્શન સહાય વિધવા સ્ત્રીઓના જીવનમાં ઓચિંતી આવેલી મુશ્કેલીઓનો સામનો કરવા ઉપયોગી બને છે.

લોન સહાય થકી મહિલા નાનો મોટો વ્યવસાય કરી શકે અને વિવિધ સરકારી મેળાઓના માધ્યમથી એ ઉત્પાદનના વેચાણની અને આર્થિક ઉપાર્જનની ઉજ્જવળ તકો મેળવે છે. સાથે જ તેમણે મહિલા સુરક્ષા માટે કાર્ય કરતી ૧૮૧ અભયમ હેલ્પ લાઈનનો ઉલ્લેખ કરી દરેકને જરૂરિયાતના સમયે તેનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ દરેક મહિલાઓને પારસ્પરિક મદદની ભાવના સાથે કામ કરવા અને આગળ વધવાની હિમાયત કરી મહિલાઓ સહિત દરેકને વડાપ્રધાનશ્રીના મેક ઈન ઈન્ડિયા અભિયાનને સફળ બનાવવા લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનો અનુરોધ કર્યો હતો. જેથી મહિલાઓને વધુ સશકત અને સુરક્ષિત બનાવી ભારતને વિશ્વગુરુ બનવાની દિશામાં આગેકૂચ કરવાના પ્રધાનમંત્રીશ્રીના સ્વપ્નને સાથે મળી સાકારિત કરી શકાય. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી શિવાની ગોયલે મહિલાઓને શિક્ષિત અને સશક્ત બનાવી સમાજનો વિકાસ સાધવા તેમજ મહિલા સશક્તિકરણ- મહિલાઓને આર્થિક રીતે સક્ષમ, સુદ્રઢ, સશક્ત કરવા પર ભાર મૂક્યો હતો. આત્મનિર્ભર મહિલાઓ પરિવારની સાથે સમાજમાં પણ ખૂબ મોટો ફાળો આપે છે,જે મહિલાઓ અંગે સમાજનો દ્દષ્ટિકોણ બદલવામાં મદદરૂપ નીવડે છે. તેમણે મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે કાર્યરત NRLM(નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન) યોજનાનો ઉલ્લેખ કરી વાર્ષિક એક લાખ કે તેનાથી વધુ ઉપાર્જન કરી ‘લખપતિ દીદી’ બનાવવાના સરકારના પ્રયાસોની વિગતો આપી ઉમેર્યું કે, સુરત જિલ્લામાં કુલ ૧૫ હજારથી વધુ લખપતિ દીદી છે. તેમજ ટૂંક સમયમાં આ આંકડો ૩૪ હજાર સુધી પહોંચે તેવો જિલ્લા વહીવટી તંત્રનો લક્ષ્યાંક હોવાનું તેમણે જણાવ્યું હતું. ડીડીઓશ્રીએ ગામમાં, શેરી મહોલ્લાઓમાં વસતી મહિલાઓને આર્થિક સધ્ધરતા માટે સ્વસહાય જૂથ બનાવી રિવોલ્વિંગ ફંડનો લાભ લેવા માર્ગદર્શન આપ્યું હતું. મલ્ટી ટાસ્કિંગમાં ઉત્કૃષ્ટ મહિલાઓને એકબીજાના પ્રેરણાસ્ત્રોત બનવા અનુરોધ કરી ડીડીઓશ્રીએ દરેક મહિલાને દિકરા - દીકરીમાં ભેદભાવ વિના તેઓને સુશિક્ષિત બનાવી મનગમતા ક્ષેત્રમાં આગળ વધારવા હિમાયત કરી હતી. જેથી વિકસિત ભારતમાં શિક્ષિત મહિલાઓનો મહિલાઓનો ફાળો પણ મહત્તમ રહે. આ પ્રસંગે મહિલા અને બાળ સુરક્ષા અધિકારીશ્રી રાધિકા ગામીત, દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી કે.વી.લકુમ સહિત અન્ય કર્મચારીઓ, સ્ત્રી ચેતનાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી શેલજા અંધારે, સ્થાનિક અધ્યક્ષ શ્રી ચેતનાબેન, સચિવ ડિમ્પલ સુરતી, મહિલા આર્થિક વિકાસ નિગમના કુમુદ યાજ્ઞિક, અન્ય સભ્યો ડૉ કીર્તિબેન સુરતી, નીપા શુક્લા સહિત મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યુઝ બોક્ષ

### કોહલીએ સચિન તેંડુલકરનો વધુ એક રેકોર્ડ તોડી નાખ્યો



। (એજન્સી) કાનપુર, તા.૩૦ ।

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી સતત નવા રેકોર્ડ બનાવી રહ્યો છે. ખાસ કરીને સચિન તેંડુલકરના દરેક રેકોર્ડ તોડવામાં સફળ થાય છે. હવે કાનપુરના ગ્રીન પાર્કમાં બાંગ્લાદેશ સામે રમાઈ રહેલી મેચમાં કોહલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાના ૨૭ હજાર રન પણ પૂરા કરી લીધા છે. જો કે આ સીમાચિહ્ન સુધી પહોંચનાર ભારતના સચિન તેંડુલકર પ્રથમ હતા, પરંતુ વિરાટ કોહલી હવે તેનાથી આગળ નીકળી ગયો છે. તેણે આ લક્ષ્ય સૌથી ઝડપથી હાંસલ કર્યું છે. આ સિદ્ધિ સચિન તેંડુલકર કરતા ઘણી ઓછી ઈનિંગ્સમાં હાંસલ કરી છે. સચિન તેંડુલકર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાના ૨૭ હજાર રન પુરા કરનાર પ્રથમ ખેલાડી હતો. પરંતુ તેને અહીં સુધી પહોંચવામાં ૬૨૩ ઈનિંગ્સ લાગી હતી. હવે જો કોહલીની વાત કરીએ તો તેણે માત્ર ૫૯૪ ઈનિંગ્સમાં પોતાના ૨૭ હજાર રન પૂરા કર્યા છે. એટલે કે સચિન તેંડુલકર કરતા ૨૯ ઈનિંગ્સ પહેલા તેણે આ રેકોર્ડ બનાવ્યો છે. અત્યાર સુધી દુનિયામાં માત્ર ત્રણ જ બેટ્સમેન હતા જે આટલા રન બનાવી શકતા હતા, હવે કોહલી ચોથા બેટ્સમેન તરીકે આ કલબમાં પ્રવેશ્યો છે.

### ત્રિપુરામાં બે દીકરાએ ભેગા મળી પોતાની માતાને જીવતી સળગાવી



। (એજન્સી) ત્રિપુરા, તા.૩૦ ।

પશ્ચિમ ત્રિપુરામાં બે પુત્રોએ ૬૨ વર્ષીય માતાને ઝાડ સાથે બાંધીને કથિત રીતે સળગાવી દેવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પોલીસ અધિકારીએ રવિવારે જણાવ્યું કે આરોપી પુત્રોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસને આશંકા છે કે પારિવારિક વિવાદને કારણે આ ઘટનાને અંજામ આપવામાં આવ્યું હોઈ શકે છે. ઘટના વિશે પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના શનિવારે રાત્રે ચંપકનગર પોલીસ સ્ટેશન વિસ્તારના ખમારબારીમાં બની હતી. આશરે દોઢ વર્ષ પહેલા પતિનું અવસાન થતાં મહિલા તેના બે પુત્રો સાથે રહેતી હતી. તેમનો ત્રીજો પુત્ર અગરતલામાં રહે છે. જીરનિયાના સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી કમલ કૃષ્ણ કોલોઈએ જણાવ્યું હતું કે, એક મહિલાને જીવતી સળગાવી દેવામાં આવી.

### મહિલાએ ચોપસ્ટિકથી ચોખાના ૩૭ દાણા ખાઈને બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ



। (એજન્સી) બાંગ્લાદેશ, તા.૩૦ ।

ચોખાના ઘણા દાણા ખાવા અને તે પણ ચોપસ્ટિકથી એ એક અશક્ય લાગતું કામ છે. ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ, બાંગ્લાદેશી મહિલા સુમૈયા ખાને ચોપસ્ટિક્સ વડે ચોખાના દાણા ખાવાનું આ પડકારજનક કાર્ય કર્યું હતું. ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સે તાજેતરમાં જ ઈન્સ્ટાગ્રામ પર વીડિયો મૂક્યો છે જેમાં આ મહિલાનો રેકોર્ડ બતાવવામાં આવ્યો છે. વીડિયોમાં સુમૈયા ખાન ચોપસ્ટિક્સનો ઉપયોગ કરીને એક મિનિટમાં ૩૭ ચોખાના દાણા ખાય છે. કાર્ય પૂર્ણ કર્યા પછી, તેણી તેની આ સિદ્ધિની ઉજવણી કરતી જોવા મળી હતી. "સુમૈયા ખાન દ્વારા ચોપસ્ટિક્સનો ઉપયોગ એક મિનિટમાં ૩૭ ચોખાના દાણા ખાઈને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવ્યો. " GWRની વેબસાઈટ અનુસાર, સુમૈયા ખાને ચોપસ્ટિક્સનો ઉપયોગ કરીને એક મિનિટમાં ચોખાના ૨૭ દાણા ખાનાર ટેલેન્ડ લાનો રેકોર્ડ તોડ્યો હતો, જે કેલિફોર્નિયાના સ્ટેનફોર્ડમાં એપ્રિલ ૨૦૨૨માં સેટ કરવામાં આવ્યો હતો.

### કાનપુરમાં ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાનો ધમાકો । રોહિત અને યશસ્વીએ ૩ ઓવરમાં ૫૧ રન ફટકાર્યા

# ટેસ્ટમાં સૌથી ઝડપી ૧૦૦ રનનો રેકોર્ડ પણ ટીમ ઈન્ડિયાના નામે



। (એજન્સી) કાનપુર, તા.૩૦ ।

ટીમ ઈન્ડિયાએ બાંગ્લાદેશને કાનપુર ટેસ્ટમાં વળતો જવાબ આપ્યો છે. ભારતને રોહિત શર્મા અને યશસ્વી જાયસવાલે આક્રમક શરૂઆત અપાવી હતી. રોહિત અને યશસ્વીએ ૩ ઓવરમાં ટીમનો સ્કોર ૫૦ને પાર પહોંચાડી દીધો હતો. રોહિત આ દરમિયાન ૧૧ બોલમાં ૨૩ રન બનાવી આઉટ થયો હતો.

જ્યારે યશસ્વી ૭૨ રન બનાવી પેવેલિયન પરત ફર્યો હતો. આ બંનેની ભાગીદારીએ ટેસ્ટ ક્રિકેટના નવા રેકોર્ડ બનાવી દીધા છે. રોહિત અને યશસ્વીના દમ પર ટીમ ઈન્ડિયાએ ઈતિહાસ રચી દીધો છે. ટીમ ઈન્ડિયાએ ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી ૫૦ રન બનાવવાનો રેકોર્ડ બનાવ્યો છે. રોહિત અને યશસ્વીએ ૩ ઓવરમાં ૫૧ રન ફટકારી દીધા હતા. ટેસ્ટ ક્રિકેટમાં પહેલા આ રેકોર્ડ ઈંગ્લેન્ડના નામે હતો. ઈંગ્લેન્ડે વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ ૪.૨ ઓવરમાં ૫૦ રનનો આંકડો પાર કર્યો હતો. તો ઈંગ્લેન્ડે આફ્રિકા સામે ૧૯૯૪માં ૪.૩ ઓવરમાં ૫૦ રન બનાવ્યા હતા.

કાનપુર ટેસ્ટમાં રોહિત અને યશસ્વીએ કમાલ કરી દીધો છે. યશસ્વીએ ૫૧ બોલનો સામનો કરતા ૧૨ ચોગ્ગા અને બે સિક્સ ફટકારી હતી. આ દરમિયા તેણે ૭૨ રન બનાવ્યા હતા. રોહિત શર્મા ૧૧ બોલમાં ૩ સિક્સ અને ૧ ફોર સાથે ૨૩ રન બનાવી આઉટ થયો હતો. યશસ્વીએ આઉટ થતાં પહેલા ટીમ ઈન્ડિયાનો સ્કોર ૧૦૦ને પાર પહોંચાડી દીધો હતો. ટીમ ઈન્ડિયાએ ટેસ્ટમાં સૌથી ઝડપી ૧૦૦ રનનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે. ભારતે બાંગ્લાદેશ સામે ૧૦.૧ ઓવરમાં આ સિદ્ધિ મેળવી હતી. આ પહેલા પણ રેકોર્ડ ભારતના નામે હતો. ત્યારે ટીમ ઈન્ડિયાએ વેસ્ટ ઈન્ડિઝ સામે ૨૦૨૩માં ૧૨.૨ ઓવરમાં ૧૦૦ રનનો આંકડો પાર કર્યો હતો.

બાંગ્લાદેશે પ્રથમ ઈનિંગમાં તમામ વિકેટ ગુમાવી ૨૩૩ રન બનાવ્યા હતા. તેના માટે મોમિનુલ હકે અણનમ સદી ફટકારી હતી. હકે ૧૯૪ બોલમાં અણનમ ૧૦૭ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે ૧૭ ચોગ્ગા અને એક સિક્સ ફટકારી હતી.


### સરકારના એક ઈશારાની રાહ જોઈ રહી છે કંપનીઓ

# વ્હીકલ રાખતા હોવ તો દિવાળી પહેલા તમને મળી શકે મોટી ભેટ

### ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં નરમીનો ફાયદો સામાન્ય વ્યક્તિ સુધી પહોંચાડવા ઓઈલ કંપનીઓએ તૈયારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

તહેવાર ખુશીઓ લઈને આવે છે, પરંતુ આ વખતે તમારી ખુશી બમણી થઈ જશે. સરકાર તહેવાર પહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કપાત કરવાની છે. ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં નરમીનો ફાયદો સામાન્ય વ્યક્તિ સુધી પહોંચાડવા માટે ઓઈલ કંપનીઓએ તૈયારી કરી લીધી છે અને હવે બસ સરકારના એક ઈશારાની રાહ જોવાઈ રહી છે. માનવામાં આવી રહ્યું છે કે, તહેવારો પહેલા સરકાર પણ પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટાડવા માટે લીલી ઝંડી બતાવશે. દુનિયાના સૌથી મોટા ઓઈલ ઉત્પાદન દેશો જેવા કે સાઉદી અરેબિયા તરફથી સપ્લાય વધ્યા બાદ ગ્લોબલ માર્કેટમાં ક્રૂડના ભાવ ૨૪થી ૩૩ ટકા



સુધી નીચે આવી ગયા છે. તેનાથી કંપનીઓને તેલ ખરીદવામાં ઘણી બચત થઈ રહી છે. બ્રેન્ટ ક્રૂડ પણ ૭૨ ડોલર પ્રતિ બેરલની આસપાસ આવી ગયો છે, જેનો ફાયદો હવે સામાન્ય માણસને આપવાની તૈયારી ચાલી રહી છે. આ મામલે ત્રણ અધિકારીઓનું કહેવું છે કે, ઓઈલ કંપનીઓએ તેમની તરફથી ભાવ ઘટાડવા માટે પૂરી તૈયારી કરી દીધી છે, બસ હવે સરકાર લીલી ઝંડી બતાવે તેની રાહ જોવાઈ રહી છે. કેટલા રૂપિયા ઘટશે ભાવ? - આમ તો પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર કરવાની છૂટ તેલ કંપનીઓ પાસે છે, પરંતુ રાજકીય રૂપથી તે ઘણું સેન્સિટિવ હોવાના કારણે કંપનીઓ પણ સરકારના ઈશારાની રાહ જુએ છે. આ જ કારણ છે કે, આ વખતે પણ કંપનીઓએ તેમના બધા દસ્તાવેજો સરકારને મોકલાવી દીધા છે અને હવે માત્ર અપ્રૂવલની રાહ છે. અંદાજ છે કે, આ વખતે પેટ્રોલ અને ડીઝલના ભાવ ૩ રૂપિયા પ્રતિ લીટર સુધી ઘટાડવામાં આવી શકે છે. વર્ષમાં કેટલું તૂટ્યું ક્રૂડ ઓઈલ - સામાન્ય માણસ માટે ઓઈલ સસ્તુ કરવાની આશા એટલા માટે જાગી છે, કારણ કે ગત એક વર્ષમાં ક્રૂડના ભાવ ઘણા નીચે આવી ગયા છે.

### વરિષ્ઠ નાગરિકોની નોંધણી માટે એક અલગ મોડ્યુલ

# રાજ્યો વરિષ્ઠ નાગરિકોને આયુષ્યમાનના લાભ આપવાની પ્રક્રિયા શરૂ કરે છે : કેન્દ્ર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આયુષ્માન ભારત આરોગ્ય વીમા યોજનાના લાભો આપવા માટે ૭૦ વર્ષ અને તેથી વધુ વયના તમામ વરિષ્ઠ નાગરિકોની નોંધણી પ્રક્રિયા ચાલુ કરવા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સૂચના આપી છે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મોકલવામાં આવેલા પત્રમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના અધિક સચિવ એલ એસ ચાંગસને જણાવ્યું હતું કે મોબાઈલ ફોન એપ્લિકેશન (આયુષ્માન એપ્લિકેશન) અને વેબ પોર્ટલમાં આ યોજનાનો લાભ લેવા માગે છે તેવા વરિષ્ઠ નાગરિકોની નોંધણી માટે એક અલગ મોડ્યુલ બનાવવામાં આવ્યું છે. ઈચ્છુક વરિષ્ઠ નાગરિકોએ આ પોર્ટલ અથવા એપ પર અરજી કરવાની રહેશે. વર્તમાન અને નવા પરિવારો માટે ૭૦ વર્ષ અને તેથી વધુ વય ધરાવતા તમામ પાત્ર વરિષ્ઠ નાગરિકોને એક અલગ આયુષ્માન કાર્ડ આપવામાં આવશે. ૭૦ વર્ષ અને તેથી વધુ વયના તમામ પાત્ર વરિષ્ઠ નાગરિકોની નોંધણી ફક્ત અરજી આધારિત હશે અને તે નોંધણી એક સતત પ્રક્રિયા હશે, જે આખા વર્ષ દરમિયાન




ચાલુ રહેશે. આ સ્કીમનો ટૂંકસમયમાં અમલ ચાલુ થશે. તેમણે જણાવ્યું હતું કે AB-PMJAYના લાભો હવે ૭૦ વર્ષ અને તેથી વધુ વયના તમામ વરિષ્ઠ નાગરિકોને તેમની સામાજિક-આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના આપવામાં આવશે. યોજના હેઠળ લાભો મેળવવા માટે એકમાત્ર પાત્રતા માપદંડ એ છે કે વ્યક્તિની ઉંમર ૭૦ વર્ષ અથવા તેનાથી વધુ હોવી જોઈએ. આધાર કાર્ડમાં નોંધાયેલી ઉંમરના આધારે ઉંમર નિર્ધારિત કરાશે. હાલની પ્રથા મુજબ, આધાર કાર્ડ નોંધણી માટે જરૂરી એકમાત્ર દસ્તાવેજ હશે.વર્તમાન અને નવા બંને પરિવારોના પાત્ર વરિષ્ઠ નાગરિકો માટે આયુષ્માન કાર્ડની નોંધણી અને જારી કરવા માટે આધાર કાર્ડ આધારિત ઈ-કેવાયસી ફરજિયાત રહેશે.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે દિલ્હીના મુખ્યમંત્રી આતિષીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી.

### પોતાની જાત સાથે લગ્ન કરનાર ૨૬ વર્ષીય ઇન્ફલુઅન્સરે કરી આત્મહત્યા

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

સોશિયલ મીડિયામાં મૂકી હતી પોસ્ટતુર્કીની પ્રખ્યાત ઈન્ફલુઅન્સર કુબ્રા અકયુત્મનું અવસાન થયું છે. ૨૬ વર્ષીય ઈન્ફલુઅન્સરનું તેની બિલ્ડિંગના પાંચમા માળેથી પડી જવાથી મોત થયું હતું. પ્રાથમિક તપાસમાં આ મામલાને આત્મહત્યાનો ગણાવવામાં આવી રહ્યો છે કારણ કે પોલીસને ઘટના સ્થળેથી એક સુસાઈડ લેટર પણ મળી આવ્યો છે. આ સમાચાર સાંભળીને ચાહકોને ભારે આઘાત લાગ્યો છે. ચાહકો માની શકતા નથી કે કુબ્રા હવે આ દુનિયામાં નથી. આવો તમને જણાવીએ શું છે સમગ્ર મામલો. ઈસ્તાંબુલમાં, ઈન્ફલુઅન્સર કુબ્રા અકયુટમે તેના એપાર્ટમેન્ટની બાલ્કનીમાંથી કૂદીને આત્મહત્યા કરી. ૨૩ સપ્ટેમ્બરે બનેલી આ ઘટનાએ બધાને ચોંકાવી દીધા છે. ઈન્ફલુઅન્સરના ઘણા ચાહકો હતા, તેના પ્રશંસકોની કોઈ કમી ન હતી પરંતુ જો અહેવાલોનું માનીએ તો તે તેના અંગત જીવનથી પરેશાન હતી. તમને જણાવી દઈએ કે ઈન્ફલુઅન્સર વર વગર લગ્ન કરવા માટે જાણીતી થઈ હતી. તેણે વરરાજા વિના તુર્કીમાં જ લગ્ન કર્યા ત્યારથી તેના ફેન ફોલોઈંગમાં ઘણો વધારો થયો છે.

### રૂ. ૫૦૦ની નોટ પર ગાંધીજી કે અનુપમ ખેર?

# ગઠિયાઓની કરતૂત જોઈ અનુપમ ખેર પોતે પણ મૂકાયા આશ્ચર્યમાં

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

આજકાલ ટેક્નોલોજીના યુગમાં કંઈ પણ શક્ય છે. ખાસ કરીને જ્યારથી આ AI આવ્યું છે ત્યારથી વસ્તુઓ વધુ ખરાબ થઈ રહી છે. આ દરમિયાન સેલેબ્સના ડીપ ફેક વીડિયો વાયરલ થઈ રહ્યા હતા. અને હવે ૫૦૦ રૂપિયાની નોટ પર મહાત્મા ગાંધીની જગ્યાએ અનુપમ ખેરનો ફોટો છપાયો છે. જેનો વિડિયો ખુદ અભિનેતાએ ઈન્સ્ટાગ્રામ પર શેર કરીને આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. ચાહકો આ વિડિયો પર અલગ અલગ પ્રતિક્રિયા આપી રહ્યા છે. અમદાવાદના એક વેપારી સાથે ૧.૩૦ કરોડની ડુપ્લીકેટ નોટો આપી ઠગાઈ થતાં પોલીસ ફરિયાદ નોંધાવી છે. ત્યારે પોલીસે તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ સોનું પડાવવા માટે સીજી રોડ પર આંગડિયા પેઢીના નામે બનાવટી ઓફિસ પણ શરૂ કરી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. અમદાવાદમાંથી છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. એક છેતરપિંડી કરનારે એક બિઝનેસમેનને અનુપમ ખેરની તસ્વીર સાથે છપાયેલી



ચલણી નોટો આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી કરી છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ફોટાને બદલે ૫૦૦ રૂપિયાની નોટ પર અભિનેતા અનુપમ ખેરનો ફોટો છપાયો હતો. આ વીડિયો જોઈને અભિનેતા પોતે પણ ચોંકી ગયો હતો અને તેણે પોતાના એક્સ હેન્ડલ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો અને એક ટ્વિટ લખ્યું હતું. તેણે લખ્યું, ૫૦૦ રૂપિયાની નોટ પર ગાંધીજીના બદલે મારો ફોટો? કંઈપણ થઈ શકે છે'! આ સાથે અભિનેતાએ આશ્ચર્યજનક ઈમોજીસ બનાવી છે. છેતરપિંડીની નવી રીતો બહાર આવી રહી છે. એક અનોખો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં એક છેતરપિંડી કરનારે એક બિઝનેસમેન સાથે કરોડોની છેતરપિંડી કરી છે. છેતરપિંડી કરનારે વેપારીને નકલી નોટોના બંડલ આપ્યા, જેના પર મહાત્મા ગાંધીની નહીં પણ અભિનેતા અનુપમ ખેરની તસવીર છપાયેલી હતી. પરંતુ તેને જોઈને જ તમે કહી શકો છો કે તે નકલી છે. આ નોટ બનાવવા માટે કાગળનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અસલી નોટ પર SBI અને તેનું ફુલ ફોર્મ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા લખેલું છે, પરંતુ આ નકલી નોટ પર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને બદલે Start Bank of India લખેલું છે. માણેકચોક વિસ્તારમાં મેહૂલ નામના બુલિયનના વેપારી સાથે લક્ષ્મી જ્વેલર્સના મેનેજર પ્રશાંત પટેલ વચ્ચે ૨૧૦૦ ગ્રામ સોનાની ડિલિવરી આપવા માટે ૧.૬૦ કરોડમાં ડિલ થઈ. સોનુ તેમણે સીજી રોડ પર એક આંગડિયા પેઢીની ઓફિસ પર મગાવ્યુ જેની સામે રૂપિયા ૫૦૦ ની દરની ૧.૩૦ કરોડની રકમ પણ આપી અને બાકીના ૩૦ લાખ રૂપિયા ઓફિસેથી જવાનું કહીને બે ગઠિયાઓ ફરાર થઈ ગયા હતા.

### છૂટાછેડા હવે યુગલોમાં સામાન્ય બાબત બની ગઈ છે

# છૂટાછેડા માટે આવેલા યુગલને જજે ખુશ કરીને પરત મોકલ્યા

### છૂટાછેડા પર અડગ રહેતા યુગલો સામાન્ય રીતે કોઈ પણનું સાંભળતા નથી, પરંતુ જજ નીલિમાએ શક્ય કરી બતાવ્યું

। (એજન્સી) રાયપુર, તા.૩૦ ।

છૂટાછેડા હવે યુગલોમાં સામાન્ય બાબત બની ગઈ છે. માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના તમામ દેશોમાં છૂટાછેડાના કેસ ઝડપથી વધી રહ્યા છે. લગ્નના થોડા વર્ષો પછી લોકો અલગ થવાનું નક્કી કરે છે. છૂટાછેડા બે પરિવારોના જીવનને પણ અસર કરે છે. ખાસ કરીને બાળકોની માનસિક સ્થિતિ પર તેની ખરાબ અસર જોવા મળે છે. જોકે, છત્તીસગઢની એક કોર્ટમાંથી એવા સમાચાર સામે આવ્યા છે જે છૂટાછેડા કેવા માંગતા લોકો આ સમાચાર મહત્વપૂર્ણ છે. છત્તીસગઢની બેમેટારા ફેમિલી કોર્ટમાં આ દિવસોમાં અજીબ માહોલ છે. છૂટાછેડા માટે આવેલા મોટા ભાગના યુગલો સાથે રહેવાની પ્રતિજ્ઞા લઈને પરત ફરી રહ્યા છે. બેમેટારાની ફેમિલી કોર્ટમાં મહિલા જજ નીલિમા સિંહે આ ચમત્કાર કરી બતાવ્યો છે. તેણે ઘણા યુગલોને ફરીથી સાથે રહેવા માટે સમજાવ્યા છે. છૂટાછેડા પર અડગ રહેતા યુગલો સામાન્ય રીતે કોઈનું સાંભળતા નથી, પરંતુ



જજ નીલિમા સિંહે અશક્યને પણ શક્ય કરી બતાવ્યું છે. છત્તીસગઢમાં જજ નીલિમા સિંહ બઘેલે પોતાની અનોખી પહેલથી છૂટાછેડા માટે આવેલા ૫૦થી વધુ યુગલોને સાથે રહેવા માટે રાજી કર્યા છે. ૨૧મી સપ્ટેમ્બરે યોજાયેલી લોક અદાલતમાં તેમણે એક ડઝન કેસનું નિરાકરણ કર્યું છે. આટલા બધા કેસ ઉકેલવા તેમણે લગ્ન સમયે અને ખાસ કરીને ફેરાના સમયે કોર્ટરૂમમાં જપવામાં આવતા સાત મંત્રોના ઉચ્ચારણ અને તેનો અર્થ પણ સમજાવ્યો હતો. આ સમગ્ર ઘટનામાં જજ નીલિમા સિંહ બઘેલના ખૂબ વખાણ થઈ રહ્યા છે. લગ્ન સમયે, પતિ-પત્ની અગ્નિની આસપાસ પ્રદક્ષિણા કરતી વખતે ૭ વ્રત લે છે. આને સપ્તપદી કહે છે.

# તંત્રી લેખ...

## નેપાળમાં વરસાદ બાદ પૂર

ભારતના પાડોશી દેશ નેપાળમાં વરસાદના કારણે પૂર અને ભૂસ્ખલનમાં જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૧૭૦ પર પહોંચી ગઈ છે. આ સાથે જ ૪૨ લોકો ગુમ થયાના અહેવાલો છે. અધિકારીઓએ જણાવ્યું કે, પૂર્વી અને મધ્ય નેપાળના મોટા ભાગો શુક્રવારથી ડૂબી ગયા છે અને દેશના ઘણા ભાગોમાં અચાનક પૂરના અહેવાલો છે. પૂરને કારણે નેપાળમાં ઓછામાં ઓછા ૩૨૨ મકાનો અને ૧૬ પુલોને નુકસાન થયું છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, તેઓએ ૪૦-૪૫ વર્ષમાં કાઠમંડુ વેલીમાં આટલા વિનાશક પૂર અને પાણીની તબાહી ક્યારેય જોઈ નથી. ગૃહ મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર પૂર, ભૂસ્ખલન અને પાણીમાં ડૂબી જવાને કારણે ૪૨ લોકો ગુમ છે. ગૃહ મંત્રાલયના પ્રવક્તા ઋષિરામ પોખરેલે જણાવ્યું કે, ''પૂર સંબંધિત ઘટનાઓમાં ૧૧૧ લોકો ઘાયલ થયા છે. તમામ સુરક્ષા એજન્સીઓની મદદથી સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. નેપાળ સેનાએ દેશભરમાંથી ૧૬૨ લોકોને એરલિફ્ટ કર્યા છે. નેપાળ આર્મી, નેપાળ પોલીસ અને સશસ્ત્ર પોલીસ દળના જવાનો દ્વારા પૂર અને જળબંબાકારથી પ્રભાવિત ૪,૦૦૦ લોકોને બચાવવામાં આવ્યા છે.'' અધિકારીઓએ જણાવ્યું કે, બચાવી લેવામાં આવેલા લોકોને ખાદ્ય સામગ્રી સહિત તમામ જરૂરી રાહત સામગ્રી આપવામાં આવી છે. પ્રવક્તાએ કહ્યું કે, કાઠમંડુની બહારના બલ્ખુ વિસ્તારમાં સામાજિક કાર્યકરોની મદદથી ૪૦૦ લોકોને ભોજનનું વિતરણ કરવામાં આવ્યું હતું. નેશનલ હાઈવે શનિવારથી બ્લોક થઈ ગયો છે, ભૂસ્ખલનને કારણે સેંકડો લોકો ઘણા હાઈવે પર ફસાયેલા છે. પૂર અને ભૂસ્ખલનને કારણે જ્યાં રસ્તાઓ અવરોધિત છે તે રાષ્ટ્રીય ધોરીમાર્ગોને ખાલી કરવાના પ્રયાસો ચાલુ છે. ગૃહ મંત્રાલયના પ્રવક્તા પોખરેલે જણાવ્યું હતું કે, કાઠમંડુને અન્ય જિલ્લાઓ સાથે જોડતો મુખ્ય જમીન માર્ગ ત્રિભુવન હાઈવે પર પરિવહન ફરી શરૂ થયું છે. પૂરને કારણે નેપાળમાં ઓછામાં ઓછા ૩૨૨ મકાનો અને ૧૬ પુલોને નુકસાન થયું છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, તેઓએ ૪૦-૪૫ વર્ષમાં કાઠમંડુ ખીણમાં આટલા વિનાશક પૂર અને પાણીની તબાહી ક્યારેય જોઈ નથી. ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઈન્ટીગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટ (ICIMOD)ના આબોહવા અને પર્યાવરણ નિષ્ણાત અરુણ ભક્ત શ્રેષ્ઠે જણાવ્યું હતું કે, ''મેં કાઠમંડુમાં આટલા પ્રમાણમાં પૂર પહેલાં ક્યારેય જોયું નથી.'' એક ICIMOD અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કાઠમંડુની મુખ્ય નદી બાગમતી, શુક્રવાર અને શનિવારે પૂર્વી અને મધ્ય નેપાળના મોટાભાગના ભાગોમાં સતત વરસાદ પડ્યા બાદ ભયના સ્તરથી ઉપર વહી રહી છે. બંગાળની ખાડીમાં નીચા દબાણની સિસ્ટમ અને ચોમાસાની રેખા સામાન્ય કરતાં વધુ ઉત્તર તરફ હોવાના કારણે શનિવારના અસાધારણ ભારે વરસાદનું કારણ છે.

## ગાંધીનગર ખાતે કૌશલ્ય વિકાસ મંત્રી બલવંતસિંહ રાજપૂતને એમ.જી. મોટર્સના પ્રતિનિધિઓએ વાહનોની ચાવી અર્પણ કરી







ભારતને વિશ્વનું ''સ્કિલ હબ'' બનાવવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે ગુજરાત સરકાર કટીબદ્ધતા સાથે આગળ વધી રહી છે. યુવાનોને કૌશલ્યવાન બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા કરાઈ રહેલા પ્રયાસોમાં હવે વિવિધ ઔદ્યોગિક સંસ્થાઓ પણ જોડાઈ છે. શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ વિભાગ હેઠળની ''કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સીટી''ના એફીલેટેડ પાર્ટનર એમ.જી. મોટર્સ-હાલોલ દ્વારા વિદ્યાર્થીઓની પ્રેક્ટીકલ તાલીમ માટે રૂ. ૪૫ લખની કિંમતના બે સ્ટેટિક વાહનો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ગાંધીનગર ખાતે આજે એમ.જી. મોટર્સ-હાલોલના પ્રતિનિધિ મંડળે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતને વિદ્યાર્થીઓ માટે સમર્પિત બંને સ્ટેટિક વાહનોની ચાવી અર્પણ કરી હતી. રાજ્યમાં ઓટોમોબાઈલ ટ્રેડના તાલીમાર્થીઓને પ્રેક્ટીકલ તાલીમ આપવા માટે આ વાહનો પૈકી એક એમજી-ઝેડએકસ-ઈવી વાહન અમદાવાદની ITI - કુબેરનગરને તેમજ બીજું એમ.જી. હેક્ટર વાહન મહીસાગરના ITI લુણાવાડાને આપવામાં આવ્યા છે.

શ્રમ અને રોજગાર મંત્રીશ્રીએ આ પ્રસંગે કહ્યું હતું કે, આ વાહનોની મદદથી મિકેનિક-ઈલેક્ટ્રિક વ્હીકલ અભ્યાસક્રમ, મિકેનિક મોટર વ્હીકલ અભ્યાસક્રમ તેમજ ઓટોમોબાઈલ સેક્ટરનાઅન્ય અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓને નવીન ટેકનોલોજીની પ્રાયોગીક તાલીમ આપી શકાશે.

આ ઉપરાંત મંત્રીશ્રીએ એમ. જી. મોટર્સના પ્રતિનિધિઓ સાથે યુવાનોના કૌશલ્ય વિકાસ માટે રાજ્ય સરકાર અને ઔદ્યોગિક સંસ્થાઓએ કરેલા કેટલાક સંયુક્ત ઉપક્રમો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

આ પ્રસંગે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સચિવ શ્રી વિનોદ રાવ, રોજગાર અને તાલીમ નિયામક શ્રી ગાર્ગી જૈન, કૌશલ્યા - ધ સ્કીલ યુનિવર્સિટીના મહાનિયામક ડૉ. એસ. પી. સિંઘ તેમજ રજીસ્ટ્રાર શ્રીમતી રેખા નાયર, એમ.જી મોટર્સ-એચ.આર.ના સીનીયર ડારરેક્ટર શ્રી યશવિન્દરસિંઘ પટિયાલ, જનરલ મેનેજર શ્રી કિરણસિંહ રાઠોડ તેમજ ડેપ્યુટી મેનેજર શ્રી સલોની મિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા.

**બીજું માનસમાં આવ્યું છે કે, ઈશ્વરને જાણવાં, પરમાત્માને જાણવાં, પરબ્રહ્મને જાણવાં, એને પણ પરમાર્થી કહેવાય છે**

# ગુરુકૃપાથી હું એ કહેવા માગું છું કે આ પાંચ વાતની જાણકારી જે અખંડ રૂપે રાખે, એ પંચમુખી મહેશ તત્વ છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ભગવાન શિવના ઘણાં રૂપમાં નામ તરીકે મહેશનો પ્રયોગ થયો છે, ગુરુકૃપાથી હું એ કહેવા માગું છું કે જે પાંચ વાતોની જાણકારી અખંડ રૂપે રાખે છે, એ મહેશ છે, એ પંચમુખી મહેશ છે, પ્રથમ તો જે પરમાર્થને જાણે છે એ મહેશ છે, પરમાર્થના બે અર્થ એક તો આપણે જે પારમાર્થે કામ કરીએ છીએ તે, સત્કર્મ કરીએ છીએ એ, ખાલી સ્વાર્થી નથી.**

આઠમા દિવસની કથામાં પ્રવેશતા પહેલા પૂજ્ય બાપુએ અધ્યાત્મ જગત શું છે? એક પ્રશ્નના જવાબમાં કહ્યું કે અધ્યાત્મ એ તમારો સ્વભાવ છે, એવું યોગેશ્વર કૃષ્ણએ કહ્યું છે. અદ્વૈતની ચર્ચા કરો, બ્રહ્મની ચર્ચા કરો, નિરાકરણ કે શૂન્યની ચર્ચા કરો એને આપણે અધ્યાત્મ માનીએ છીએ, પણ એ અધ્યાત્મનો માર્ગ હોઈ શકે મંઝિલ નહીં. મંજિલ તો છે જન્મોજનનો આપણો જે મૂળ સ્વભાવ છે, એની જાણ થઈ જાય એ જ અધ્યાત્મ છે, પણ સ્વભાવનો અર્થ કેવળ નેચર નથી, આત્માને પણ સ્વભાવ કહેવાય છે, અને એટલે નરસિંહ એ કહ્યું છે.

**જ્યાં લગી આત્મા તત્વ ચીન્યો નહીં,**
**ત્યાં લગી સાધના સર્વ જૂઠી.**

તમે પચાવી શકો તો હું ત્યાં સુધી કહેવા માગું છું કે, કામ સત્ય છે, લાખ અનાદર કરો પરંતુ કામ સત્ય છે, અને ક્રોધ પ્રેમ છે, લોભ કરુણા. કામ રામની છાયા છે. એટલે રામ સત્ય છે તો છાંયા હોવાને નાતે કામ પણ જગતનું સત્ય છે, કેમકે કામથી જ સૃષ્ટિનો વિકાસ થયો છે, જગત બન્યું છે. 'સ એકાકી ન રમતે' કોઈ એકલા ક્રિડા નથી કરતાં, એને બીજું જોઈએ એ સત્ય છે, એનો અનાદર ન કરો, ખોખલા દંભમાં ન જીવો. માનસ મહેશની આઠમા દિવસની કથામાં પ્રવેશતા કહ્યું કે, શિવ પંચમુખી છે. માનસ પણ હસ્તાક્ષર કરે છે ''વિકટ બેષ મુખ પંચ પુરારી''. ભગવાન શિવના ઘણાં રૂપમાં નામ તરીકે મહેશનો પ્રયોગ થયો છે. ગુરુકૃપાથી હું એ કહેવા માગું છું કે જે પાંચ વાતોની જાણકારી અખંડ રૂપે રાખે છે, એ મહેશ છે, એ પંચમુખી મહેશ છે. પ્રથમ તો જે પરમાર્થને જાણે છે એ મહેશ છે. પરમાર્થના બે અર્થ એક તો આપણે જે પારમાર્થે કામ કરીએ છીએ તે, સત્કર્મ કરીએ છીએ એ, ખાલી સ્વાર્થી નથી, પરમારથી છે, અથવા તો પરમાર્થ કરી રહ્યા છે. પણ બીજું માનસમાં આવ્યું છે કે, ઈશ્વરને જાણવાં, પરમાત્માને જાણવાં,પરબ્રહ્મને જાણવાં, એને પણ પરમાર્થી કહેવાય છે.

**રામ બ્રહ્મ પરમારથ રૂપા,**
**અબિગત અલખ અનાદિ અનુપા.**

રામ પરમાર્થ છે, અને રામને જાણવા એ પરમાર્થ જાણવા બરાબર છે, પરંતુ પરમાર્થને એ જ જાણી શકે,

**સોઈ જાનઈ જોઈ દેહુ જનાઈ,**
**જાન તુમ્હહિ તુમ્હઈ હોઈ જાઈ.**

મહેશને રામનો મર્મ જણાવી દીધો હતો, એટલે એ જાણી ગયા, અથવા તો બંનેમાં ભેદ ક્યાં છે! તત્વતઃ બંને એક જ છે.

**અજ મહેશ નારદ સનકાદી,**
**જે મુનિબર પરમારથબાદી.**

કોઈપણ પ્રકારનો વાદ સારો નથી, પણ ગીતામાં વાદને ઈશ્વરની વિભૂતિ કહી છે. જોકે આજકાલ જે વાદ વાદ થાય છે એ તો બધા વિવાદ છે. તુલસી કહે છે મહેશ તત્વ એ છે જે, પરમાર્થવાદી છે. ઈશ્વરનો અંશ જે વિભૂતિના રૂપમાં પ્રસ્થાપિત થયો છે, એ પરમાર્થને જાણે છે, પરમાર્થને જીવે છે, શિવના પંચમુખ પંચમસ્તક છે. શિવ એ આંખોથી એવું જોયું જાણ્યું, વિચાર્યું, સાંભળ્યું, બોલ્યું, એ બધું મહેશ પણું છે, એ રીતે પરમાર્થ કર્યો. બીજું મુખ જે પરમ રસને જાણીને રસનું પાન કરે છે એ મહેશ તત્વ છે. બરનહિ સારદ શેષ શ્રુતિ, સારદાએ વર્ણન કર્યું, શ્રુતિઓએ વર્ણન કર્યું, શેષ નાગે વર્ણન કર્યું, પરંતુ એ બધા વર્ણન કરવામાં રહી ગયા, અને રસ તો મારા મહાદેવ એ પીધો. ''સો રસ જાન મહેશ'' રસૌ વૈ સઃ! આ રસની વાત છે મહાદેવ એ ભક્તિ રસ પીધો છે, અને એટલે જ નરસિંહ કહ્યું એ રસને જાણે પેલો શંકર જોગી! ત્રીજું મુખ છે પ્રભુતા ને જે જાણી જાય છે એ મહેશ છે. ''જાન મહેશ રામ પ્રભુતાઈ'' મહેશ રામની પ્રભુતા ને જાણે છે એટલે કે એ જ સાક્ષાત પરબ્રહ્મ ઈશ્વર છે. બાકી પરમાત્માની પ્રભુતાને, ભગવાનની ભગવત્તાને, બ્રહ્મની બ્રહ્મતા ને પરમેશ્વરની પરમેશ્વરતાને મહેશ જાણે છે, અને એટલે જ ગોસ્વામીજી એમને મહેશ પદ પ્રદાન કરે છે. ચોથું મુખ જે સંસારમાં આબદ્ધ છે, પરંતુ ગુરુકૃપાથી, ઈશકૃપાથી સંસારી હોવા છતાં એવી અવસ્થામાં પહોંચી જાય, જ્યાં સંસાર વ્યવહાર બધું કરવા છતાં કૃતકૃત્યનો બોધ થઈ જાય છે. આવા બુદ્ધ પુરુષની જાણકારી જેને મળી જાય એ મહેશ તત્વ છે, મહેશ તત્વ એ છે જે એક ક્ષણમાં જાણી લે, અને કોઈને જણાવી પણ દે કે આ માણસ કૃત્ય થઈ ચૂક્યો છે, કોઈની કૃપા પ્રાપ્ત કરેલો છે. પાંચમું મુખ મહાકાલ ના મંદિરની નમામિસમીશાન નિર્વાણ રૂપ મં એ રુદ્રાષ્ટકની ઘટનાને યાદ કરતા કહ્યું કે, ગુરુ તો બહુ દયાળુ અને કોમળ છે, એમને આશ્રિત માટે જરા પણ રોષ નથી, પણ ગમે તેવું અનુષ્ઠાન કરતાં હો અને જો તમારા ગુરુ પધારે તો ઉભા થઈ એમને વંદન કરવા જોઈએ! પણ ભૂશુંડીજી એ અપરાધ કર્યો! ગુરુ એ માફ કર્યા, પણ જે ગુરુ અપરાધને સહન નથી કરી શકતું એ પાંચમું મહેશ તત્વ છે. સ્નાન કરતી વખતે રુદ્રાષ્ટકનો પાઠ કરવો એ આત્મલિંગ પર અભિષેક કર્યા બરાબર છે. સાધક ભાઈ બહેનો કથાના સત્સંગથી વિવેક પ્રાપ્ત કરી, અને સંભવ હોય ત્યાં સુધી બુદ્ધ પુરુષનો કે ગુરુ અપરાધથી બચવું. અજાણતા પણ અપરાધ થઈ જાય તો ઉપાય છે, રુદ્રાષ્ટક ગમે ત્યાં બેઠા હોઈએ, ઉજ્જૈનના મહાકાલના ગર્ભગૃહમાં બેઠો છું, અને મહાકાલની સામે ઉભો છું, એ રીતે આ પાઠ કરવાથી મહાકાલના ભય માંથી મુક્ત થવાય છે. કથાના ક્રમમાં પ્રવેશ કરતા કહ્યું કે ભગવાન રામ સાથે અન્ય કુવરોનું પણ પ્રાગટ્ય થયું, વશિષ્ઠજી આવ્યા, ચારેયનું નામકરણ કર્યું. આખા જગતને આરામ આપે એ રામ, બધાને ભરી દે એ ભરત, જેના નામથી દુશ્મન નહીં પણ દુશ્મની મટી જાય એ શત્રુઘ્ન, અને સકલ જગતના આધાર, પરમ ઉપાસક શેષજીનું નામ લક્ષ્મણ રાખ્યું, પછી ચુડાકરણ સંસ્કાર, યજ્ઞોપવિત સંસ્કાર આમ અલ્પકાળમાં પ્રભુએ વિદ્યા પ્રાપ્ત કરી. વિશ્વામિત્ર આદિ ઋષિમુનિઓના અનુષ્ઠાનમાં અસુરો વિક્ષેપ કરે છે,અને તે મહારાજ દશરથ પાસે અનુજ સહિત રાઘવને લઈ જવા માંગણી કરે છે. રામ લક્ષ્મણને લઈને વિશ્વામિત્ર જઈ રહ્યા છે, તાડકા આવે છે ભગવાન એક જ બાણથી તાડકાને નિર્વાણ આપે છે. પ્રભુ એ ફણા વિનાનું બાણ મારી મારિચ ને સત જોજન દૂર લંકાના કિનારે ફેંકી દીધો. સુબાહુને અગ્નિના બાણથી બાળીને ભસ્મ કરી દીધો, યજ્ઞ પૂરો થયો. વિશ્વામિત્ર સાથે પદયાત્રામાં રાઘવ આગળ વધે છે, રસ્તામાં પથ્થર દેહે પડેલા અહલ્યાનો ઉધાર કરે છે, આલિયા પતિ લોક તરફ ગતિ કરે છે. ગંગાના તટ પર પ્રભુ સ્નાન કરે છે, તીર્થના દેવતાઓને દાન આપ્યું. ત્યારબાદ ભગવાન જનકપુર પહોંચે છે, જનક ને સમાચાર મળ્યા. વિશ્વામિત્રજી ને પ્રણામ કરતાં જનક આશ્ચર્યચકિત થઈને પૂછે છે આ બે કોણ છે? વિશ્વામિત્ર એને રામ અને લક્ષ્મણનો દશરથ નંદન તરીકે પરિચય જણાવે છે. સુંદરસદનમાં મુનિઓ સાથે રામ લક્ષ્મણને નિવાસ આપ્યો, એ બપોરનો સમય હતો, માનસમાં લખ્યું છે કે, મુનિઓ સાથે રઘુવંશમણી પ્રભુએ ભોજન કર્યું, અને હું પણ આપ સૌના ભોજન અને વિશ્રામ માટે આજની કથાને વિરામ આપું છું.

**શ્રેષ્ઠ કર્મ કરો એટલે દિવસ શ્રેષ્ઠ બનશે, જે કાર્ય થી પ્રભુ પ્રસન્ન થાય એ સત્કર્મ, સત્કર્મમાં વિઘ્ન કરનારો હિરણ્યાક્ષ છે એટલે કે લોભ છે**

# જ્ઞાનની પ્રાપ્તિ શરીરમાં સત્ત્વગુણ વધવાથી થાય છે અને સત્ત્વગુણ શુદ્ધ આહાર, શુદ્ધ આચાર, શુદ્ધ વિચારથી વધે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**વૃદ્ધાવસ્થામાં ડહાપણ ઘણાને આવે છે, પણ જુવાનીમાં જે ડાહ્યો થયો તે સાચો ડાહ્યો થયો કહેવાય શક્તિ ક્ષીણ થાય ત્યારે કામ જાય તેમાં શું ગઢ જીત્યો? કોઈ ગણકારે નહીં ત્યારે ડોસાનો ક્રોધ જાય તેમાં શું નવાઈ? પણ આ લોભ છેવટે વૃદ્ધાવસ્થામાં પણ છૂટતો નથી, લોભ વગેરેના ફેલાવાથી પૃથ્વી દુઃખરૂપી સાગર માં ડૂબી હતી, વરાહાવતારએ યજ્ઞાવતાર છે, વર અહ એટલે શ્રેષ્ઠ દિવસ, શ્રેષ્ઠ દિવસ કયો? જે દિવસે તમારા હાથે સત્કર્મ થાય તે.**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઈએ તો સત્કર્મમાં વિઘ્ન કરનાર લોભ છે, માટે લોભને સંતોષથી મારજો. લોભ સંતોષથી મરે, માટે સંતોષ કેળવો. વરાહ ભગવાને સંતોષનો અવતાર છે.લોભ વધે એટલે ભોગ વધે, ભોગ વધે એટલે પાપ વધે. જ્યારથી લોકો માનવા લાગ્યા કે, પૈસાથી જ સુખ મળે છે ત્યારથી જગતમાં પાપ બહુ વધી ગયું છે. હિરણ્યાક્ષને મારવાવરાહઅવતાર થયો. હિરણ્યકશિપુને મારવા નૃસિંહ અવતાર થયો. હિરણ્યાક્ષ ભોગના લોભનો અને હિરણ્યક શિપુએ લોભના ભોગનો અવતાર છે. કામને મારવા એક જ અવતાર લીધો છે. રાવણ-કુંભકર્ણને મારવા રામ ચંદ્રજીનો અવતાર. ક્રોધને મારવા પણ એક જ અવતાર શિશુપાળને મારવા શ્રીકૃષ્ણાવ તાર. પરંતુ લોભ ને મારવા માટે બે અવતાર લેવા પડયા છે. વરાહાવ તાર અને નૃસિંહાવતાર. તે બતાવે છેકે લોભ ને જીતવો બહુ જ મુશ્કેલ છે. વૃદ્ધાવસ્થામાં ડહાપણ ઘણાને આવે છે, પણ જુવાનીમાં જે ડાહ્યો થયો તે સાચો ડાહ્યો થયો કહેવાય શક્તિ ક્ષીણ થાય ત્યારે કામ જાય તેમાં શું ગઢ જીત્યો?કોઈ ગણકારે નહીં ત્યારે ડોસાનો ક્રોધ જાય તેમાં શું નવાઈ? પણ આ લોભ છેવટે વૃદ્ધાવસ્થામાં પણ છૂટતો નથી. લોભ વગેરેના ફેલાવાથી પૃથ્વી દુઃખરૂપી સાગર માં ડૂબી હતી. વરાહાવતારએ યજ્ઞાવતાર છે. વર અહ એટલે શ્રેષ્ઠ દિવસ. શ્રેષ્ઠ દિવસ કયો? જે દિવસે તમારા હાથે સત્કર્મ થાય તે. શ્રેષ્ઠ કર્મ કરો એટલે દિવસ શ્રેષ્ઠ બનશે. જે કાર્યથી પ્રભુ પ્રસન્ન થાય એ સત્કર્મ છે. સત્કર્મને યજ્ઞ કહે છે. સત્કર્મમાં વિઘ્ન કરનારો હિરણ્યાક્ષ છેએટલે કે લોભ છે. વરાહ ભગવાને પૃથ્વી જે સમુદ્રમાં ડૂબેલી હતી તેને સમુદ્રમાંથીબહાર કાઢી પરંતુ પૃથ્વીને પોતાની પાસે રાખી નથી. પૃથ્વી મનુને એટલે મનુષ્યોને સોંપી જે પોતાની પાસે આવ્યું તે બીજા ને આપી દીધું. આ સંતોષ છે. વરાહ ભગવાન યજ્ઞના દૃષ્ટાંત રૂપ છે. યજ્ઞ કરવાથી ચિત્તશુદ્ધિ થાય છે. લોભ વગેરેનો નાશ કરી ચિત્ત શુદ્ધિ કરવાની છે. ચિત્તશુદ્ધિ થયા પછી બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થાય છે. યજ્ઞપૂર્વક જીવન જીવો, એટલે જ્ઞાન મળશે. યજ્ઞાવતાર વગર જ્ઞાનાવતાર થતો નથી. કપિલ દેવ આવતા નથી. અજ્ઞાનને દૂર કરવા યજ્ઞ કરવો. સત્ય બોલવું એ પણ યજ્ઞ છે. કર્મ એ ચિત્તશુદ્ધિ માટે, ભક્તિ એ મનની એકાગ્રતા માટે છે. જીવનમાં કર્મ,ઉપાસના અને થાન એ એણ ચત્તશુદ્ધિ માટે,બુદિત ચિત્ત શુદ્ધિ થયા પછી બ્રહ્મ જિજ્ઞાસા થાય છે.તૈયાર કરી. વરુણે કહ્યું, તું વરાહ નારાયણ સાથે યુદ્ધ કર.હિરણ પાણ વરાહ ભગવાન પાસે આવ્યો. તે વરાહ ભગવાનને કહે, તું ડુક્કર જેવો છે. વાહનારાયણ હિરણ્યાક્ષને કહે, તું કૂતરા જેવો છે. વરલાચાલીમાં મારામારી થાય છે. સર્વ પાપનું મૂળ વાણી છે. મનનો દોષવાણી દ્વારા પ્રણ થાય છે. મુષ્ટિપ્રહાર કરી વરાહ ભગવાને હિરણ્યાક્ષનો વધ કર્યો અને પૃથ્વીનું રાજ્ય મનુ મહારાજ ને આપ્યું ને આજ્ઞા કરી કે, ધર્મથી પૃથ્વીનું પાલન કરો. પછી વરાહ ભગવાન બદરિનારાયણ સ્વરૂપમાં લીન થયા. સમાજને સુખી કરવો તે મનુષ્ય માત્રનો ધર્મ છે. આ વાત વરાહ ભગવાને પોતાના આચરણ થી મનુષ્યોને શીખવી છે. મનુષ્યનો જીવનમાં લોભ છે ત્યાં સુધી પાપ છે અને પાપ છે ત્યાં સુધી ધર્મ નથી. લોભને મારવા વરાહ નારાયણના ચરણોનો આશ્રય કરજો. બુદ્ધિનો ઉપયોગ કેવળ અર્થોપા ર્જન કરવા માટે ન કરો. તેનો ઉપયોગ ઈશ્વરોપાસના માટે પણ કરો, નહીંતર પેલા ઝવેરીઓ જેવી દશા થશે.એક વખત એકરાજાના દરબારમાં એક ઝવેરાત આવ્યો. તેની પાસે એક હીરો હતો.આ હીરાની કિંમત કરવા માટે તમામ ઝવેરીઓને ભેગા કરવામાં આવ્યા દરેકે એ હીરાની કિંમત જુદી જુદી આંકી. રાજા નિરાશ થયો. તેવામાં એક ઝવેરી આવ્યો. હીરાની કિંમત નવ્વાણું લાખ રૂપિય બતાવી. રાજાએ પૂછ્યું, એક કરોડમાં એક લાખ ઓછા શા માટે? વૃદ્ધ ઝવેરી એ બીજા સો હીરા મંગાવી પેલા હીરાની આજુબાજુ ગોઠવી દીધા.તે હીરા ની ચમક સોમાંથી નવ્વાણું હીરા પર પહેલ પણ એક હીરા પર ન પડી.વૃદ્ધ ઝવેરીએ કહ્યું, આટલા માટે મેં એની કિંમત એક લાખ રૂપિયા ઓછી આંકેલી. રાજા ખુશ થઈ કહે છે. મંત્રીજી. ઝવેરીને ઈનામ આપો! તે વખતે ત્યાં એક મહાત્મા બેઠેલા હતા. તેણે ઊભા થઈ કહ્યું કે,એ ઝવેરી ના માથા ઉપર રાખ નાખો! એ કેવળ મર્ખ છે!મહાત્માને એનું કારણ પૂછવામાં આવ્યું. મહાત્મા એ કહ્યું,ઝવેરીએ ભગવાને આપેલી બુદ્ધિનો ઉપયોગ કેવળ પથરાની કિંમત કરવામા કર્યો છે. ઈશ્વરનું ભજન કરવા માટે કર્યો નથી. જે બુદ્ધિનો ઉપયોગ તેણે કર્યો તે બુદ્ધિનો ઉપયોગ ઈશ્વરે પથરાને ઓળખવા માટે કર્યો હોત તો તેનો ઉદ્ધાર થઈ જાત.ભલે તેને તમ પથરાને ડાહ્યો માનો.હું તેને મૂર્ખ માનું છું. મનુષ્યના શરીર માં નવ છિદ્રો છે.તે વાટે જ્ઞાન બહાર નીકળી જાય છે. ઈન્દ્રિયોમાંથી જ્ઞાન બહાર ન નીકળી જાય તે માટે ઈન્દ્રિયોને ઈશ્વરને માર્ગે વાળો. ઈન્દ્રિયોનો નિરોધ કરો અને ઈન્દ્રિયોને પ્રભુ માર્ગમાં વાળો. તૃતીય સ્કંધમાં બે પ્રકરણો છેઃ પૂર્વ મિમાંસા અને ઉત્તર મિમાંસા. પૂર્વ મિમાંસામાં શાહનારાયણની અવતારની કથા કહી છે. ઉત્તર મિમાંસામાં કપિલ નારાયણના ચરિત્રનું વર્ણન કર્યું છે. યજ્ઞ કર્યા વગર કપિલ નારાયણની વિદ્યા બુદ્ધિમાં સ્થિર થતી નથી. કાયા, વાણી, મનથી કોઈને દુભાવવું નહીં તે યજ્ઞ છે. સત્ય બોલવું તે પણ યજ્ઞ છે. સદાસર્વદા પ્રસન્ન રહેવું એ પણ પણ છે. યજ્ઞ વિના, સત્કર્મ વિના ચિત્તશુદ્ધિ થતી નથી અને ચિત્તશુદ્ધિ વગર જ્ઞાન ટકતું નથી. માનવશરીર એ ઘડો છે. આ ઘડાને નવ છિદ્રો છે. ઘડામાં છિદ્રો હોય તો ઘડો ભરાય નહીં. એક-એક છિદ્રમાંથી અનેક વખત વિકાર વાસનાના વેગમાં જ્ઞાનવહી જાય છે. જ્ઞાન થવું એ અઘરું નથી પણ આવેલું જ્ઞાન ટકતું નથી જ્ઞાન ને ટકાવવા ઈન્દ્રિયોમાંથી વહી જતી બુદ્ધિ શક્તિને અટકાવવાની છે. જ્ઞાનીઓ ઈન્દ્રિયોને વિષયોમાં જતી અટકાવે છે. ત્યારે વૈષ્ણવો તેને પ્રભુના માર્ગમાં વાળે છે. આજે જ્ઞાન બધું પુસ્તકમાં રહ્યુ છે મસ્તકમાં રહ્યું નથી.પુસ્તકોની પાછળ પડે ચોવિજ્ઞાન અને પ્રભુ પ્રેમમાં પરમાત્માની પાછળ પડે તે સંત. વિદ્વાન શાસ્ત્ર પાછળ દોડે છે, ત્યારે પણ સંતની પાછળ દોડે છે. શાસ્ત્રો વાંચીને જે બોલે તે વિદ્વાન પ્રભુને રિઝવીને પ્રભુપ્રેમમાં બાલ થયેલો જે બોલે તે સંત. ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે, હૃદયમાં સાત્ત્વિક ભાવ જાગે, મન શુદ્ધ થાય, એટલે કિમમાંથી જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે. મીરાં બાઈ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયાં નથી.વિક્રમ મહારાજ પણ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયા નથી. વ્યારણ્યાક્ષનો વધ, પછી કપિલ ભગવાન આવે છે જાલનનો શત્રુ છે હિરણ્યાક્ષ. ભાગવતમાં જે અવતારનો ક્રમ બતાવ્યો છે તેમાં પહેલાં.તો જવાબ મળશે કે લાયક નથી. એટલા માટે થાય છેકે,મનુષ્ય માને છે કે પ્રભુએ મને જ મારા મન ને પૂછશો કે ઈશ્વરે મને જે સંપત્તિ- સુખ આપ્યાં છે તેને હું લાયક છું કે નહીં? મોફ આપ્યું છે.માત અને ઉત્તાનપાદ. ત્રણ કન્યાઓ થઈ. તેમનાં નામો આકૃતિ દેવહુતિ તથા પ્રસૂતિ. તેમાં સ્વયંભુવ મનુની રાણીનું નામ શતરૂપા. મનુ મહારાજને ત્યાં બે બાળકો થયાં. તેમનાં નામો મફતિ રુચિને,દેવ હુતિ કર્દમને અને પ્રસૂતિ દક્ષને પરણાવી દેવહુતિનું લગ્ન કર્દમઋષિ સાથે થયું શ્રી તેમને ત્યાં કપિલ ભગવાન પધાર્યા વિદુરજી પ્રશ્ન કરે છેકે,હે મૈત્રેયજી આ કપિલ ભગવાનની કથા મને કહો. મૈત્રેયજી કહે છે,કપિલ બ્રહ્મ જ્ઞાનનું સ્વરૂપ છે. કર્દમ થશો તો તમારે ઘરે કપિલ આવશે.કર્દમ એટલે કરદમ. ઈન્દ્રિયોનું દમન કર. ઈન્દ્રિયોનું દમન કરે એ કર્દમ. કર્દમ એટલે જિતેન્દ્રિય શરીરમાં સત્ત્વ ગુણની વૃદ્ધિ થાય એટલે આપો આપ જ્ઞાનનો ઝરો ફૂટે છે, જ્ઞાન પ્રગટે છે. જ્ઞાનની પ્રાપ્તિ શરીરમાં સત્ત્વગુણ વધવાથી થાય છે. સત્ત્વગુણ શુદ્ધ આહાર,શુદ્ધ આચાર,શુદ્ધ વિચારથી વધે છે. સંયમથી-સદાચારથી સત્ત્વગુણ વધવાથી અંદરથી જ્ઞાન સ્ફુરણ થાય છે. જીભ સુધરે તો જીવન સુધરે છે.લૂલી માગે તે તેને આપશો નહીં. બે-ચાર મિનિટમાં ઊંઘ આવશે એમ લાગે ત્યારે જ પથારીમાં પડો. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી, ભગવદ્ ગીતા જ્ઞાનમાં આપણે દરરોજ સવારે કંઈક મેળવવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આજે જે કંઈક મેળવ્યું તે તમારી સમક્ષ રજુ કરેલ છે ક્યાંય ભૂલ ક્ષતિ જણાય તો સુધારીને આગળ વધવું બહુ મજા આવશે. આજે પહેલી ઓક્ટોમ્બર આવતી કાલે વર્તમાન સમયમાં મને કમને ગાંધી જયંતિની ઉજવણી કરીશું. સૌનું કલ્યાણ થાઓ તેવી શુભેચ્છા સહ અસ્તુ.

# ભૂમિની વિચિત્ર ફેશન પર ભડક્યા યુઝર્સ

## અભિનેત્રીએ સફેદ બ્રેલેટ પહેર્યુ હતું, તેણે પ્લાસ્ટિકની ડિઝાઇનવાળા બ્લાઉઝની જોડી

ફિલ્મ 'દમ લગા કે હઈશા'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરનાર ભૂમિ પેડનેકરે હવે પોતાની સ્ટાઈલ સંપૂર્ણપણે બદલી નાખી છે. આ ફિલ્મમાં એક જાડી છોકરીનો રોલ કરી રહેલી ભૂમિએ પોતાની જાતને સંપૂર્ણપણે સ્લિમ બનાવી છે. ભૂમિ પેડનેકર હવે દરરોજ તેના લુકને કારણે સમાચારમાં રહે છે. ઘણી વખત સુંદરીઓ એવા રૂપમાં દેખાય છે કે કોઈને વિશ્વાસ જ ન આવે અને હાલમાં જ એક ઈવેન્ટમાં આવું જ જોવા મળ્યું. ખરેખર, ૨૭મી સપ્ટેમ્બરે GQ એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બી-ટાઉનના ઘણા સ્ટાર્સે હાજરી આપી હતી. અને આ એવોર્ડ નાઈટમાં ભૂમિ પેડકર ખૂબ જ અનોખા અંદાજમાં જોવા મળી હતી, જેના પછી યુઝર્સે તેની આકરી ટીકા કરી હતી. તેમને નિર્દયતાથી ટ્રોલ કરવાનું શરૂ કર્યું. લુક વિશે વાત કરીએ તો, GQ એવોર્ડ નાઈટ્સમાં ભૂમિ સફેદ લહેંગામાં જોવા મળી હતી જેની સાથે અભિનેત્રીએ સફેદ બ્રેલેટ પહેર્યું હતું., આના પર તેણે પ્લાસ્ટિકની ડિઝાઈનવાળા બ્લાઉઝની જોડી બનાવી. ભૂમિના બ્લાઉઝ પર બે ધાતુના સાપ હતા. ભૂમિએ લાઈટ મેકઅપ અને ન્યૂડ લિપસ્ટિકથી પોતાનો લુક કમ્પ્લીટ કર્યો છે., ભૂમિ કેમેરા સામે જોરદાર પોઝ આપી રહી છે. ભૂમિની આ તસવીરો જોઈને એકયુઝરે લખ્યું- 'હું ઉર્ફીથી પ્રભાવિત છું.' એકે કહ્યું- 'મને લાગે છે કે ઉર્ફીની ડ્રેસિંગ સેન્સ આના કરતાં સારી છે.' એકે કહ્યું- 'બુલેટ પ્રુફ સાપ.' એકે કહ્યું - 'હે ભગવાન હરિ કૃષ્ણ જગન્નાથમ પ્રેમાનંદી, તમે શું પહેર્યું છે?' એકે કહ્યું- 'ઉર્ફીની નકલ.'. થોડા દિવસો પહેલા ભૂમિ પેડનેકર કાર્પેટમાં ઢંકાયેલી એક ઈવેન્ટમાં પહોંચી હતી. આ પહેલા પણ તે આવા જ કેટલાક વિચિત્ર આઉટફિટ્સમાં જોવા મળી છે. આવી સ્થિતિમાં લોકો હવે તેની સરખામણી ઉર્ફી જાવેદ સાથે કરવા લાગ્યા છે.



**૨૭મી સપ્ટેમ્બરે GQ એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બી-ટાઉનના ઘણા સ્ટાર્સે હાજરી આપી હતી**

# તાજેતરમાં જ લંડનમાં સિટાડેલના સ્ક્રિનિંગમાં સામંથા અને પ્રિયંકાનો પાર્ટી મૂડ છલક્યો

**ત્રાણેય ગ્લેમરસ આઉટફિટમાં** | **સિટાડેલના ઇન્ડિયન વર્ઝન 'સિટાડેલ હનીબની'નું સ્ક્રિનિંગ યોજાયું**

તાજેતરમાં જ લંડન ખાતે 'સિટાડેલ હનીબની'નું સ્ક્રિનિંગ યોજાયું હતું. જેમાં સામંથા રુથ પ્રભુ અને પ્રિયંકા ચોપરા બંને હાજર રહ્યાં હતાં. આ ઈવેન્ટમાં તે બંને ઈટાલિયન સ્ટાર મટિલ્દા દી એન્જેલિસ સાથે ખુશખુશાલ ચહેરા સાથે જોવા મળ્યાં હતાં. આ ઈવેન્ટ ખાસ કરીને સિટાડેલનાં ઈન્ડિયન વર્ઝન 'સિટાડેલ હનીબની'ને સેલિબ્રેટ કરવા માટે જ યોજાઈ હતી, જેમાં સામંથા સાથે વરુણ ધવન પણ લીડ રોલમાં છે. જ્યારે મટિલ્દા તેના ઈટાલિયન વર્ઝન 'સિટાડેલ ડાયના'માં કામ કરી રહી છે. આ ઈવેન્ટમાં દરેક કલાકારોનો ઉત્સાહ તો દેખાતો જ હતો સાથે તેમને એકબીજા સાથે કેટલું બને છે અને તેઓ એકબીજાના કામનું કેટલું સન્માન કરે છે તે પણ દેખાતું હતું. આ ઈવેન્ટમાં સામંથા, પ્રિયંકા અને મટિલ્દા ત્રણેય ગ્લેમરસ આઉટફિટમાં હતાં, સામંથાએ નેવી બ્લૂ કલરનું સ્ટ્રેપલેસ ગાઉન પહેર્યું હતું, જ્યારે મટિલ્દાએ શીમરી ગોલ્ડન ઓન્સોમ્બલ પહેર્યું હતું. જ્યારે પ્રિયંકાએ રેડ બૉડિકોન ડ્રેસ પહેર્યો હતો, આ આઉટફિટના કારણે તેઓ ઈવેન્ટ મુજબ વધુ ગ્લેમરસ લાગતાં હતાં. તેમની આ ઈવેન્ટની તસવીરો ઘણી વાયરલ થઈ હતી. તેના કારણે સિટાડેલ યુનિવર્સની વિવિધ સિરીઝ માટે દર્શકોનો ઉત્સાહ પણ વધી ગયો છે. સાથે ઈવેન્ટમાં સામંથા અને પ્રિયંકા વચ્ચેની ફ્રેન્ડશિપ પણ ઉડીને આંખે વળગતી હતી. એક સિરિઝમાં કામ કરતાં હોવાથી પ્રોફેશનલી જોડાયેલાં હોવા ઉપરાંત તેઓ અંગત રીતે પણ એકબીજાથી ઘણા નજીક હોય તેવું ઈવેન્ટમાં હાજર લોકોએ અનુભવ્યું હતું. આ ઈવેન્ટમાં રુસો બ્રધર્સની ટીમ સાથે રાજ એન્ડ ડીકે પણ હાજર રહ્યાં હતાં. આ સિરીઝ ૭ નવેમ્બરથી એમેઝોન પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થશે.



### 'સ્ત્રી ૨'ફિલ્મનું કંઈ બગાડી ન શકી ફિલ્મ'દેવરા'

# જાહ્નવી કપૂર પર ભારે પડી ગઈ અભિનેત્રી શ્રદ્ધા



જુનિયર NTR, સૈફ અલી ખાન અને જાહ્નવી કપૂરની ફિલ્મ 'દેવરા : પાર્ટ ૧' આ અઠવાડિયે બોક્સ ઓફિસ પર રિલીઝ થઈ છે. ફિલ્મે પહેલા દિવસે બમ્પર કમાણી કરી છે, પરંતુ હિન્દી માર્કેટમાં તેનો રંગ ફિક્કો રહ્યો છે. જાન્હવી અને સૈફની હાજરી છતાં ફિલ્મ ૧૦ કરોડના આંકડા સુધી પણ પહોંચી શકી નથી. શ્રદ્ધા કપૂર અને રાજકુમાર રાવની ફિલ્મ 'સ્ત્રી ૨' એ ૪૪માં દિવસે પણ સારી કમાણી કરી છે.દેવરા : પાર્ટ ૧ એ શુક્રવારે પ્રથમ દિવસે કુલ ૮૨.૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. પરંતુ હિન્દીમાં આ ફિલ્મ માત્ર ૭.૫ કરોડ રૂપિયાનો જ બિઝનેસ કરી શકી છે. તેણે તેલુગુમાંથી સૌથી વધુ ૭૩.૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે. ફિલ્મના કન્નડ વર્ઝનએ ૩૫ લાખ રૂપિયાનો બિઝનેસ કર્યો છે, તમિલ વર્ઝને ૧ કરોડ રૂપિયાનો અને મલયાલમ વર્ઝને ૪૦ લાખ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. ફિલ્મ વિશે જે પ્રકારની ચર્ચા હતી. તેના કારણે એવું માનવામાં આવતું હતું કે તેને હિન્દીમાં પણ બમ્પર ઓપનિંગ મળશે. પરંતુ આવું થયું નથી.શ્રદ્ધાની 'સ્ત્રી ૨' એ ૪૪માં દિવસે ૯૦ લાખ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. પહેલી નજરે આ આવક તમને ઓછી લાગી શકે છે, પરંતુ તે ઓછી નથી. 'સ્ત્રી ૨'નું આ સાતમું અઠવાડિયું છે. તેના ઉપર દેવરાની રિલીઝ પછી એવું માનવામાં આવતું હતું કે 'સ્ત્રી ૨' માટે ૧૦ લાખ રૂપિયાની કમાણી કરવી પણ મુશ્કેલ હશે. દેવરા એક મોટા બજેટની ફિલ્મ છે અને તેની સ્ટારકાસ્ટ પણ મોટી છે. પરંતુ 'સ્ત્રી ૨' એ આ બધી બાબતોને ખોટી સાબિત કરી અને અપેક્ષા કરતા ઘણી સારી કમાણી કરી. દેવરાનું નિર્દેશન કોરાતાલા શિવા કરી રહ્યા છે. આ ફિલ્મ બે ભાગમાં બનાવવામાં આવશે. હાલમાં તેનો પ્રથમ ભાગ જ આવ્યો છે. ફિલ્મને સારો પ્રતિસાદ મળ્યો છે અને સમિક્ષકોએ પણ તેને યોગ્ય માર્ક્સ આપ્યા છે. જ્યારે 'સ્ત્રી ૨' અમર કૌશિક દ્વારા નિર્દેશિત કરવામાં આવી છે. આ હોરર-કોમેડી ફિલ્મમાં રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂર ઉપરાંત પંકજ ત્રિપાઠી, અપાર શક્તિ ખુરાના અને અભિષેક બેનર્જી મહત્વની ભૂમિકામાં છે.

# સેન્સરે ૧૩ કટ સૂચવતા કંગનાની ઇમરજન્સીનું કોકડું વધારે ગૂંચવાયું

## સર્ટિફિકેટ આપવાની સાથે બોર્ડે ભીંદરાનવાલેને સાંકળતાં હિંસક દૃશ્યો અને તેનો સંત તરીકનો ઉલ્લેખ હટાવવા ભલામણ કરાઈ

એક્ટરમાંથી સાંસદ બન્યાં પછી કંગના રણોતની પહેલી ફિલ્મ ઈમરજન્સી આવી રહી છે. રિલીઝ પહેલાં જ વિવાદોમાં ઘેરાયેલી આ ફિલ્મને સેન્સર બોર્ડે U/A સર્ટિફિકેટ માટે મંજૂરી આપવાની સાથે ૧૩ કટ્સ પણ સૂચવ્યા છે. આ કટમાં પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી, સંજય ગાંધી, ભિંદરાનવાલે સહિત કેટલાક સંદર્ભો ધરાવતા દૃશ્યો અને સંવાદનો સમાવેશ થાય છે. કંગના સહિત ફિલ્મના પ્રોડ્યુસર્સ આ કટ્સનો અમલ કરવા માટે ફિલ્મમાં ફેરફાર કરવાનું પસંદ કરે છે કે પછી કોર્ટ સમક્ષ સેન્સર બોર્ડના સૂચનોને પડકારે છે તે અંગે હજુ સ્પષ્ટતા નથી. લોકસભાની ચૂંટણી પહેલાં કંગના રણોતનો લીડ રોલ અને ડાયરેક્શન ધરાવતી 'ઈમરજન્સી' તૈયાર થઈ ગઈ હતી. પ્રચારમાં વ્યસ્ત હોવાના કારણે કંગનાએ ફિલ્મની રિલીઝ પોસ્ટપોન કરી. ફિલ્મની રિલીઝ ડેટ નજીક આવી ત્યારે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સેન્સર બોર્ડ) દ્વારા મંજૂરી નહીં મળી હોવાનો ખુલાસો થયો. આ મામલે કાનૂની વિવાદો બાદ સેન્સર બોર્ડ પાસે માત્ર ફિલ્મને અટકાવી રાખવાનો રસ્તો બંધ થઈ ગયો હતો. સેન્સર બોર્ડે આખરે આ ફિલ્મને ૧૩ કટ્સ સાથે U/A સર્ટિફિકેટ આપ્યું છે. સેન્સર બોર્ડની રીવાઈઝિંગ કમિટીએ 'ઈમરજન્સી'ની ટીમને ડિસ્ક્લેમર મૂકવા કહ્યું છે. કટોકટી સમયે બનેલી ઘટનાઓ દર્શાવતી વખતે 'સત્ય ઘટના આધારિત' અથવા 'નાટ્યાત્મક રૂપાંતરણ' શબ્દો લખવા કહેવાયું છે. સેન્સર બોર્ડનું માનવું છે કે, આ ડિસ્કલેમરથી ફિલ્મમાં દર્શાવેલી ઘટના સંપૂર્ણ સત્ય દર્શાવતી હોવાની છાપ ઊભી થશે નહીં. 'ચીને આસામને ભારતથી છૂટું કરી દીધું' હોવાનો ડાયલોગ જવાહરલાલ નેહરુ બોલી રહ્યા છે. આ ડાયલોગ હકીકત આધારિત હોવાનું સાબિત કરતાં ઐતિહાસિક પુરાવા સેન્સર બોર્ડે માગ્યા છે. અન્ય એક સીનમાં ભીંદરાનવાલે અને સંજય ગાંધી વચ્ચેની વાતચીત છે. જેમાં ભીંદરાનવાલે કહે છે, તમારી પાર્ટીને વોટ જોઈએ છે અને અમારે ખાલિસ્તાન જોઈએ છે. આ સમગ્ર ડાયલોગને ફિલ્મમાંથી દૂર કરવા કહેવાયું છે. કારણ કે આ ડાયલોગના કારણે સંજય-ભીંદરાનવાલે વચ્ચે કોઈ ડીલ થઈ હોવાની છાપ ઊભી થાય છે. ભીંદરાનવાલેનો સંત તરીકે ઉલ્લેખ ધરાવતા ત્રણ જેટલા દૃશ્યોને ફિલ્મમાંથી દૂર કરવા કહેવાયું છે. આવા એક સીનમાં સંજય ગાંધી અને રાષ્ટ્રપતિ ગ્યાની જૈલસિંગ વચ્ચેનો સંવાદ છે. અન્ય સીનમાં ઈન્દિરા ગાંધી અને આર્મી ચીફ વચ્ચેની વાતચીત છે. શીખો દ્વારા બિન શીખની હત્યાના દૃશ્યોને હળવા કરવા તથા 'ઓપરેશન બ્લ્યૂ સ્ટાર' અંગે ઈન્દિરા ગાંધી-આર્મી ચીફની વાતચીતનો ડાયલોગ દૂર કરવા સૂચન થયું છે. ફિલ્મમાં ભૂતકાળના સાચા દૃશ્યોનો ઉપયોગ થયો હોય ત્યારે તેની સાથે ડિસ્કલેમર બતાવવા સૂચન થયું છે. આ ઉપરાંત ફિલ્મમાં રજૂ થયેલા દરેક સ્ટેટમેન્ટ અને સીન-સંદર્ભના સમર્થનમાં પુરાવા રજૂ કરવા જણાવાયું છે. 'ઈમરજન્સી'ના પ્રોડક્શન સાથે સંકળાયેલા ઝી એન્ટરટેઈનમેન્ટ દ્વારા આ કટ્સના અમલ માટે સમય માગવામાં આવ્યો છે. બીજી બાજુ, સેન્સર બોર્ડના મતે સર્ટિફિકેટ અપાઈ ગયું હોવાથી વહેલી તકે ફેરફાર થવા જોઈએ. સેન્સર બોર્ડના સૂચનો માનવા કે પછી હાઈકોર્ટમાં આ મામલે રજૂઆત કરવી તે અંગે 'ઈમરજન્સી'ની ટીમે વિચારણા હાથ ધરી છે. હાઈકોર્ટમાં જતા પહેલા આ મામલે સેન્સર બોર્ડ સાથે નેગોશિએશનનો વિકલ્પ પણ વિચારાધિન છે. એકંદરે હાલની સ્થિતિએ સર્ટિફિકેટ મળવા છતાં 'ઈમરજન્સી'ની રિલીઝનો માર્ગ સરળ રહ્યો નથી.





**એક્ટરમાંથી સાંસદ બન્યાં પછી કંગના રણોતની પહેલી ફિલ્મ**

# 'બોલિવૂડમાં આયોજન અને સાઉથમાં નવીનતાનું મહત્ત્વ': એનટીઆર



**'આરઆરઆર'માં એનટીઆર એક કરિશ્મેટિક હિરો તરીકે જોવા મળ્યો હતો, હવે તેની 'દેવરા -પાર્ટ ૧' આવી રહી છે**

જુનિયર એનટીઆર હાલ 'વૉર ૨'નું શૂટિંગ કરી રહ્યો છે, ત્યારે તેણે સાઉથની ઈન્ડસ્ટ્રીની કામ કરવાની પદ્ધતિ અને નોર્થ એટલે કે બોલિવૂડમાં કામ કરવાની પદ્ધતિમાં ફરક વિશે વાત કરી હતી. 'આરઆરઆર'માં એનટીઆર એક કરિશ્મેટિક હિરો તરીકે જોવા મળ્યો હતો. હવે તેની 'દેવરા -પાર્ટ ૧' આવી રહી છે. તાજેતરમાં તેણે બોલિવૂડની ઈન્ડસ્ટ્રી અને સાઉથની ઈન્ડસ્ટ્રીમાં કામ કરવાની પદ્ધતિ ઘણી અલગ છે, તે અંગે વાત કરી હતી. સાથે જ તેમની કારકિર્દીમાં અલગ પ્રકારના દૃષ્ટિકોણે કેટલી મદદ કરી છે, તે અંગે પણ વાત કરી હતી. જુનિયર એનટીઆરે સાઉથની ઈન્ડસ્ટ્રીને 'કેઓટિકલી ઓર્ગેનાઈઝ્ડ' ગણાવી હતી. તેના કારણે જ ત્યાંના સેટ પર કામ કરીને લોકોમાં મૌલિકતા અને અલગ દૃષ્ટિકોણ વિકસે છે. તેમણે એમ પણ કહ્યું કે સાઉથની ઈન્ડસ્ટ્રીમાં ભલે લોકો ટાઈટ ડેડલાઈનમાં કામ કરતાં હોય, તેમ છતાં દરેક ક્ષણને જીવી લેવામાં માને છે. તેઓ કોઈ પણ આયોજનને ચોક્કસપણે વળગી રહેવાને બદલે સર્જનાત્મકતા સાથે કામ કરવામાં અને દરેક વખતે કામમાં નવીનતા લાવવામાં માને છે. તેના કારણે દરેક કલાકાર વૈવિધ્ય સાથે અને અલગ પ્રકારની શૈલી સાથે કામ કરી શકે છે. બોલિવૂડમાં સંપૂર્ણ પૂર્વ તૈયારીઓ અને ચોક્કસ આયોજન સાથે કામ કરવાની પ્રથા સાથે કામ કરવામાં આવે છે. હાલ તે આયાન મુખર્જીની 'વૉર ૨'માં કામ કરી રહ્યો છે, જે આદિત્ય ચોપરા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. ત્યાં જુનિયર એનટીઆરને અલગ પદ્ધતિ જોવા મળી. અહીં બધું જ માળખાગત રીતે ચાલે છે અને ખુબ તૈયારી સાથે કામ કરવાનો માહોલ છે. તેણે યાદ કરતાં કહ્યું કે એક સમય એવો આવ્યો કે તેને પોતાની જાતને આ સ્ક્રિપ્ટને વળગી રહેવાના વલણથી અલગ પાડવી પડી હતી અને પોતે કોઈ સ્ક્રિપ્ટ માટે શું વિચારે છે તેને અનુસરવાની કોશિશ કરવી પડી હતી. આ બાબતે આયાન શરૂઆતમાં ખચકાટ અનુભવતો હતો. ત્યારે જુનિયર એનટીઆરના દૃષ્ટિકોણનું મહત્વ સમજીને આદિત્ય ચોપરાએ આયાનને સમજાવ્યો હતો.

# પ્રોડ્યુસર વાસુનો દાવોઃ નેટફ્લિક્સે ચીટિંગ કર્યું

વાસુ ભગનાનીની મુશ્કેલીઓમાં એક પછી એક વધારો જ થઈ રહ્યો છે. તેમનાં પ્રોડક્શનની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' નિષ્ફળ જતાં ફિલ્મના ડિરેક્ટર અલી અબ્બાસ ઝફરે પ્રોડ્કશન હાઉસ પર ૭.૩૦ કરોડના ચૂકવણા બાકી હોવાનો દાવો કર્યો હતો. હવે બીજી તરફ વાસુ ભગનાનીએ નેટફ્લિક્સ પર છેતરપિંડીનો આક્ષેપ કર્યો છે. એક અખબાર સાથે વાત કરતા વાશુ ભગનાનીએ કહ્યું હતું કે આ ઓટીટી પ્લેટફર્મે તેમની છેલ્લી ત્રણ ફિલ્મો બાબતે તેમના અધિકારોથી વિરુદ્ધ છેતરપિંડી અને કાવતરું ઘડ્યું છે. આ સંદર્ભે 'હિરો નં ૧', 'મિશન રાણીગંજ' અને 'બડે મિયાં છોટે મિયાં' આ ત્રણ ફિલ્મોની વાત કરવામાં આવી છે. નેટફિલક્સના એક નિવેદન મુજબ વાસુ ભગનાનીએ જે કંપની દ્વારા નટફિલક્સ ભારતમાં પોતાના કંન્ટેન્ટમાં રોકાણ કરે છે એવી લોસ ગેટોસ પ્રોડક્શન સર્વિસીસ ઈન્ડિયા, ઝૂ ડિજીટલ ઈન્ડિયા તેમજ આ બંને કંપનીના કેટલાક કર્મચારીઓ વિરુદ્ધ ફરિયાદ પણ નોંધાવી છે. નેટફિલક્સે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું, ''આ દાવા બિલકુલ પાયાવિહોણા છે. ખરેખર તો પૂજા એન્ટરટેઈન્મેન્ટે નેટફિલક્સને પૈસા આપવાના બાકી છે. ભારતીય સર્જકો સાથે અમારો બહુ સારી ભાગીદારીનો ઈતિહાસ રહ્યો છે અને આ મુશ્કેલીનું નિરાકરણ લાવવા અમે અધિકારીઓ સાથે વાત કરી રહ્યાં છીએ.'' આટલું જ નહીં, પૂજા એન્ટરટેઈન્મેન્ટના વાસુ ભગનાની અને જેક્કી ભગનાનીએ અલી અબ્બાસ ઝફર વિરુદ્ધ 'બડે મિયાં છોટે મિયાં'ના શૂટ દરમિયાન અબુ ધાબીના વહીવટીતંત્ર પાસેથી મેળવેલી સબસિડીની રકમ ગેરકાયદેસર રીતે લઈ લેવા બાબતે પણ ફરિયાદ નોંધાવી છે. પૂજા એન્ટરટેઈન્મેન્ટે ૩ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ બાન્દ્રા પોલિસ સ્ટેશનમાં આ ફરિયાદ નોંધાવી છે, જેના પગલે ડિરેક્ટરને પોલિસ દ્વારા ગમે ત્યારે સમન મોકલવામાં આવી શકે છે.




# કરણ જોહર શાહરૂખના ચરણ સ્પર્શ કરતો જોવા મળ્યો

## કરણ જોહર જ્યારે એવોર્ડ લેવા સ્ટેજ પર જાય છે ત્યારે તેણે ચોંકાવનારી પ્રતિક્રિયા આપી હતી

કરણ જોહર ટચ એસઆરકે ફીટમાં કરણ જોહરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં તે શાહરૂખ ખાનના પગને સ્પર્શ કરતો જોવા મળી રહ્યો છે. આ વીડિયો જોઈને લોકો ચોંકી ગયા છે. કરણ જોહર ટચ એસઆરકે ફીટમાં તાજેતરમાં જ અબુ ધાબીમાં આઈફા એવોર્ડ શો યોજાયો હતો. જેને વિકી કૌશલે શાહરૂખ ખાન સાથે હોસ્ટ કર્યો હતો. શાહરૂખ ખાન આ વર્ષે આઈફામાં ધૂમ મચાવી રહ્યો છે. હોસ્ટિંગથી લઈને પરફોર્મન્સ સુધી, શાહરૂખ દરેક જગ્યાએ હતો. એવોર્ડ શોનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં કરણ જોહર શાહરૂખ ખાનના ચરણ સ્પર્શ કરતો જોવા મળી રહ્યો છે. વાસ્તવમાં કરણ જોહરને ઈન્ડસ્ટ્રીમાં ૨૫ વર્ષ પૂરા થવા પર આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. ખુદ કરણને પણ આ એવોર્ડ વિશે ખબર ન હતી. શાહરૂખે કરણ જોહરના એવોર્ડની જાહેરાત કરતાની સાથે જ તે ચોંકી ગયો હતો. શાહરૂખ અને વિકી કૌશલ સ્ટેજ પર વારસા વિશે વાત કરે છે. શાહરૂખ કહે છે, વારસો એ છે જે તમે પેઢીઓ માટે બનાવો છો. અથવા વધુ સામાન્ય રીતે, માતાપિતા તેમના બાળકોને વારસો છોડી દે છે. શાહરુખ આગળ કહે છે- 'અને ક્યારેક એવા નસીબદાર માતા-પિતા હોય છે જેમના બાળકો આ વારસાને આગળ ધપાવે છે. અને આવું જ એક સુંદર, નાનું બાળક. જેણે ન તો તેના પિતાનું સપનું પૂરું કર્યુ પરંતુ તેને અલગ જગ્યાએ લઈ ગયો. મારા ભાઈ, મારા મિત્ર, મહિલાઓ અને સજ્જન. સારા અને ખરાબ સમયમાં પણ મારો મિત્ર. માત્ર કરણ જોહર. કરણનું નામ લેતા જ કેમેરા તેના પર ફોકસ થાય છે, તે ચોંકાવનારી પ્રતિક્રિયા આપતો જોવા મળે છે. એવું લાગે છે કે તેઓ આ વિશે જાણતા ન હતા. કરણ જોહર જ્યારે એવોર્ડ લેવા સ્ટેજ પર જાય છે ત્યારે તેણે ચોંકાવનારી પ્રતિક્રિયા આપી હતી. કરણ જોહર પહેલા વિકી કૌશલને ગળે લગાવે છે અને પછી જઈને શાહરૂખ ખાનના પગને સ્પર્શ કરે છે. કરણનો તેના પગને સ્પર્શ કરતો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. ઘણા લોકો આ વીડિયો પર કોમેન્ટ કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું- મારી આંખોમાં આંસુ આવી ગયા. જ્યારે કેટલાક લોકો તેને ઓવરએક્ટિંગ કહી રહ્યા છે. ધ મલ્ટિપ્લેક્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ ફિલ્મ મેકર કરણ જોહરના નિવેદન પર જવાબ આપ્યો છે.



# કૃભકો અને ધાનપુર લેમ્પસના સયુંક્ત ઉપક્રમે ફર્ટિલાઈઝર પ્રમોશન ઝુંબેશ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

વિશ્વની અગ્રગણ્ય ખેડૂતોની સહકારી સંસ્થા કૃભકો દ્વારા એકલવ્ય આશ્રમ શાળા - પીપેરો ખાતે ધાનપુર વિભાગ મોટા કદની ખેતી વિ.વિ. કા.સ.મ.લિમિટેડની ૩૮ વાર્ષિક સાધારણ સભા સાથે ફર્ટિલાઈઝર પ્રમોશન ઝુંબેશ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ગુજરાત સરકારના મંત્રીશ્રી(પંચાયત અને કૃષિ)બચુભાઈ ખાબડ હજાર રહ્યા હતા. તેમજ ધાનપુર લેમ્પસના ચેરમેન દરિયાસિહ મૈડા, તાલુકાના ભાજપના આગેવાનો, અન્ય સહકારી સંસ્થાઓના ચેરમેન અને પદાધિકારીઓ તથા ખૂબ મોટી સંખ્યામાં ખેડૂતોએ હાજરી આપી હતી. ધાનપુર મંડળીના સેક્રેટરી દ્વારા મંડળીની વાર્ષિક સાધારણ સભાના એજન્ડા મૂજબ બહાલી આપી અને આગળ કાર્યક્રમમાં કૃભકોના એરિયા મેનેજર જયેશભાઈ પટેલ દ્વારા કૃભકો સંસ્થા, કૃભકોની કામગીરી અને ખેડૂતોના હિતમાં કરવામાં આવતા કાર્યક્રમો વિષે તેમજ કૃભકોના ઉત્પાદકો વિષે સવિસ્તૃત માહિતી આપી હતી અને રાસાયણિક ખાતરનો સપ્રમાણ વપરાશ માટે આહવાન કર્યુ હતું. મંત્રી દ્વારા સરકારની વિવિધ યોજનાઓ અને તેમના લાભ લેવા અને વધુમાં વધુ હાલ આઈ ખેડુત પોર્ટલ પર અરજી કરી લાભ લઈ ખેતીમાં આગળ વધો એ માટે માહિતી પૂરી પાડી હતી. પ્રોગ્રામમાં સરકારની યોજનાના લાભાર્થી ખેડૂતેનો વિનોવિંગ ફેન ખેતીવાડી ખાતા દ્વારા વિતરણ કરવામાં પણ આવ્યું હતું. આ કાર્યક્રમમાં મંડળીના કર્મચારી દ્વારા ખૂબ સરસ આયોજન કરવામાં આવ્યું હતું.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને નિરાલી હોસ્પિટલ નવસારીના સંયુક્ત ઉપક્રમે “વિશ્વ હૃદય દિન”ની ઉજવણી કરવામાં આવી



। (માહિતી) સુરત, તા.૩૦ ।

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા અને નિરાલી હોસ્પિટલ નવસારીના સંયુક્ત ઉપક્રમે મહાયોગ શિબિર અને મેરેથોનનું આયોજન નવસારી નિરાલી હોસ્પિટલના પટાંગણ ખાતે કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ વિશેષ રીતે હૃદય રોગ નિવારણ માટે સાવચેતીના પગલાં લેવા જોઈએ અને યોગ દ્વારા હૃદય રોગનું નિવારણ,રન અને રાઈડ મેરેથોન નુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨૦૦ થી વધુ લોકો એ ભાગ લીધો હતો. તમામ સ્પર્ધકને ટી શર્ટ અને રીફ્રેશમેન્ટ, મેડલ, સર્ટીફીકેટ પણ એનાયત કરવામાં આવ્યા હતા. મુખ્ય અતિથિ તરીકે ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પરેશભાઈ દેસાઈ, ડી એસ ડી ઓ શ્રી અલ્પેશભાઈ પટેલ, નિરાલી હોસ્પિટલના સીઈઓ જેલસન કવલાકટ સહીત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. યોગ શિબિરનું સંચાલન ઝોન કો ઓર્ડીનેટર શ્રી પ્રીતિબેન પાંડે અને નવસારી જિલ્લા યોગ કો ઓર્ડીનેટર શ્રી ગાયત્રીબેન તલાટી દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન નિરાલી હોસ્પિટલ ના એડમિન ઈનચાર્જ અભિષેક ભાઈ શર્મા અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ના કો ઓર્ડીનેટર શ્રી ગાયત્રી બેન તલાટી અને ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. હૃદય રોગ એ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યા છે યોગ તેને રોકથામા અસરકારક સાધન સાબિત થયું છે નિયમિત યોગા અભ્યાસ રક્ત પરિભ્રમણ સુધારીને તણાવ ઘટાડીને હૃદયના સ્નાયુઓને મજબૂત બનાવીને હૃદયના સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો કરી શકે છે યોગ બ્લડ પ્રેશરને નિયંત્રણ કરવામાં મદદરૂપ બને છે.

### કાળી મહુડી ગામે ૩ નાળા ધોવાયા

# ઝાલોદ તાલુકાના કાળી મહુડી ગામે સામાન્ય વરસાદમાં ૩ નાળા તૂટયા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદ તાલુકાના કાળી મહુડી ગામે વરસાદે તંત્રના કામગીરીની પોલ ખોલી. માત્ર સામાન્ય વરસાદના કારણે નાળા તૂટવાની ઘટના સામે આવી.હલકી ગુણવત્તા વાળા મટીરીયલ વપરાશ કરવાના કારણે આવી પરિસ્થિતિ સર્જાય હોવાનો સ્થાનિકો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. એક જ ગામના ૩ નાળા પાણીમાં ધોવાયા.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર આ બને નાળા તાજેતરમાં ૨ અથવા ૩ વર્ષ પહેલાં જ બનાવેલ હતા.માત્ર થોડા જ વરસાદમાં ૩ નાળા તુટી જતાં વાહન ચાલકો અને રાહદારીઓને અવરજવરમાં ભારે હાલાકી ભોગવવી પડી. દાહોદ જિલ્લામાં અનેક ભ્રષ્ટાચારના



કિસ્સાઓ સામે આવ્યા છે. ત્યારે કોન્ટ્રાક્ટર અને અધિકારીઓના મીલી ભગતના કારણે સરકારના લોકો રૂપિયાનું નુકસાન થયું હોય તેવું જોવાય રહ્યુ છે. ત્યારે તમામ ભ્રષ્ટાચારીઓ પરના કામગીરીની તપાસ કરી યોગ્ય દંડ કરવામાં આવે તેવી સ્થાનિકોની માંગ ઉઠવા પામી છે.

# સુરત મહાનગર પાલિકા દ્વારા કતારગામ કોમ્યુનિટી હોલ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



। (માહિતી) સુરત, તા.૩૦ ।

મેયર દક્ષેશભાઈ માવાણી નાગરિકોને યોજનાકીય લાઆભો એક છત્ર નીચે મળે, વ્યક્તિલક્ષી સમસ્યાઓનું એક જ સ્થળે નિવારણ થાય તે માટે રાજ્ય સરકારના સેવા સેતુ કાર્યક્રમરૂપી મહાઅભિયાન અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા મેયર દક્ષેશભાઈ માવાણીના અધ્યક્ષસ્થાને વસ્તા દેવડી, કતારગામ કોમ્યુનિટી હોલ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શહેરીજનો વિવિધ યોજનાઓનો ઘરઆંગણે લાભ લેવા ઉમટી પડ્યા હતા. કુલ ૨૧૪૯ લાભાર્થીઓએ યોજનાકીય લાભો મેળવ્યા હતા. જેમાં આવકનાં દાખલા, નોન ક્રીમિલિયર, સિનિયર સિટીઝન કાર્ડ, વિધવા સહાય, વૃદ્ધ સહાય અને રેશન કાર્ડના ૧૦૦૮ લાભાર્થીઓનો પણ સમાવેશ થાય છે. આ પ્રસંગે મેયરશ્રીએ જણાવ્યું હતું કે, ગામ હોય કે શહેરીજનો હોય, કોઈએ પણ સમસ્યાઓને લઈને સરકાર પાસે આવવું ન પડે, પરંતુ સરકાર જાતે લોકોના ઘરઆંગણે જઈ તેમના પ્રશ્નો-સમસ્યાના નિરાકરણ માટેની સંવેદના સેવા સેતુ થકી દાખવી છે. જેને ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના નાગરિકોનો પ્રોત્સાહક પ્રતિસાદ મળી રહ્યો છે. ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા ગરીબોને તેમના હકો અને લાભો હાથોહાથ આપવાની આ સરકારે પહેલ કરી છે, એ જ રીતે નાગરિકોની રજૂઆતોનો ઘરઆંગણે ઉકેલ લાવી રાજ્ય સરકારે સેવા સેતુ કાર્યક્રમ દ્વારા પારદર્શી પ્રશાસનની નાગરિકોને પ્રતિતી કરાવી છે. સામાન્ય માનવીને પણ સરકાર તેમની સાથે છે એની સતત પ્રતીતિ કરાવતા સેવા સેતુમાં સરકારના વિવિધ વિભાગોના અંદાજીત ૫૫ પ્રકારના કામો કરાવી શકાય છે, અને વ્યક્તિગત યોજનાઓના લાભો મેળવવાની અરજીઓ આપી શકાય છે.

# કામરેજ તાલુકાના નવાગામ તથા બારડોલીના સાંકરી ખાતે સ્વચ્છતા હી સેવા અંતર્ગત “સખી ટોક શો” યોજાયો



। (માહિતી) સુરત, તા.૩૦ ।

સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ કામરેજ તાલુકાના નવાગામ તથા બારડોલીના સાંકરી ખાતે સ્વચ્છતા હી સેવા અંતર્ગત “સખી ટોક શો” યોજાયો કામરેજ તાલુકાના નવા ગામ તથા બારડોલી તાલુકાના સાંકરી ખાતે સ્વચ્છતા હી સેવા અંતર્ગત ક્લસ્ટર લેવલ ફેડરેશન “સખી ટોક શો” યોજાયો હતો. ટોક શોમાં સખીઓ દ્વારા સ્વચ્છતા, પ્રાકૃતિક ખેતી જેવા વિષય પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સૌ સખીઓએ મહિલા સશક્તિકરણ તથા સ્વચ્છતા અંગે વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે અધિકારીઓએ સ્વચ્છતાનું મહત્વ સમજાવીને ઘર, મહોલ્લો તથા ગામને સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે મહિલાઓને અનુરોધ કર્યો હતો.

# તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના ભડભૂંજા ખાતે નિ:શુલ્ક મહા આરોગ્ય કેમ્પ યોજાયો



। (માહિતી) સુરત, તા.૩૦ ।

રાજ્યકક્ષા મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના વરદ હસ્તે ખુલ્લા મુકાયેલા આરોગ્ય કેમ્પમાં ૬૨ ગામોના ૭ હજારથી વધુ લાભાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું. સુરત, નવસારી, તાપીના ખ્યાતનામ તજજ્ઞોએ છેવાડાના ગરીબ લાભાર્થીઓને વિનામૂલ્યે અનેકવિધ સેવાઓ આપી સ્વાસ્થ્યની સુવાસ ફેલાવી સમાજની તમામ સેવાઓ કરતા આરોગ્યની સેવાઓ સર્વશ્રેષ્ઠ: મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ તાપી જિલ્લાના અંતરિયાળ એવા ઉચ્છલ તાલુકાના ભડભૂંજા (આશ્રમશાળા) ગામે પ્રભારી મંત્રીશ્રી અને રાજ્યકક્ષાના વન પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ,જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ધારાસભ્યશ્રી ડો.જયરામભાઈ ગામીત,જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંગ વસાવા,ઈ. ચા.કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી.એન.શાહ,નાયબ વન સંરક્ષકશ્રી પુનિત નૈયર સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં ફ્રી મેગા મેડિકલ કેમ્પ યોજાયો હતો. આર.કે.એચઆઈવી એઈડ્સ રીસર્ચ એન્ડ કેર સેન્ટર અને તાપી જિલ્લા વહીવટી તંત્ર ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા મેડિકલ કેમ્પમાં ૬૨ ગામોના ૭ હજારથી વધુ લાભાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. આરોગ્ય સેવાઓને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લી મુકતા રાજ્યકક્ષા મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે સમાજની તમામ સેવાઓમાં આરોગ્યની સેવાઓ સર્વશ્રેષ્ઠ છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આપણા સૌના આરોગ્યની ચિંતા કરે છે. છેવાડાના માનવી સુધી આરોગ્યની સેવાઓ પહોંચાડવા આરોગ્ય મંદિર બનાવ્યા છે.

# કાંકરેજ તાલુકાના થરા નગર પાલિકા વિસ્તારમાં હડકાયા કુતરાનો આતંક.. નવ લોકો ભોગ બન્યા

। (પ્રતિનિધી) થરા, તા.૩૦ ।

કાંકરેજ તાલુકાના થરા નગર પાલિકા વિસ્તારમાં જાહેર માર્ગો પર રખડતા આખલા ગાયો કુતરા ભૂંડનો આતંક બેફામ રીતે વધી ગયો હોવા છતાં પાલીકા તંત્ર મૌન બની તમાશો જોઈ રહ્યું છે. રખડતા આખલા ગાયોને શાક ભાજીની લારીઓ પાથરણા વાળા સડેલાં શાકભાજી નાખતા હોવાના કારણે આ અબોલ પશુઓ વાહન ચાલકો અબાલ વૃધ્ધને હડફેટે લેતાં રોજ બરોજ ઘાયલ થઈ હોસ્પિટલ કે ખાનગી દવાખાનામાં સારવાર લઈ રિબાઈ રહયા છે ત્યારે ગત રવિવારના સાંજના સુમારે બસ સ્ટેન્ડ બાજુ માં ઉગમણા વાસ નાના જામપર તાણા રોડ ઉપર એક હડકાયા



કૂતરાએ ભારે આતંક મચાવતા લોકોમાં ભયનું મોજું ફરી વળ્યું હતું.આ હડકાયા કુતરા એ નવ જણને બચકા ભર્યા.

હડકાયા કુતરાથી બચવા ભાગમભાગ થઈ તો લોકો રખડતા આખલા ગાયોના હડફેટે ચડતા હતા. હડકાયા કુતરા એ ચાર મહિલા અને પાંચ પુરુષોને પગે ભર્યા બચકા ભરતા તમામને થરા જે. વી.શાહ સરકારી રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા જેમાં નામ આ રીતે જાણવા મળે છે હડકાયા કુતરાએ બચકા ભરેલ લોકોના નામ (૧) સીતાબેન ચેતન જી ઠાકોર. (૨) પ્રવીણભાઈ દિનેશ ભાઈ પટણી. (૩) ડાયાભાઈ રામ ચંદભાઈ જોશી(૪)ઉદુભા નાનુભા વાઘેલા. (૫) જાનકીબેન રમેશપુરી ગૌસ્વામી. (૬)જેબર બેન ભાઈચંદભાઈ સુથાર (૭)શાહિદ મહેબૂબખાન સિપાઈ (૮) વિરમ જોરાજી ઠાકોર (૯)પૂજાબેન સુરેશજી ઠાકોર.

જાણવા મળતી માહિતી મુજબ આ લોકોને સારવાર આપ્યા બાદ રજા આપી ઘરે મોકલ્યા હતા. થરા નગર તંત્રની નિષ્ક્રિયતાને લીધે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. રખડતા આખલા ગાયોના ઝુંડ કુતરા ભૂંડ ઉપરાંત આડેધડ દબાણોના ખડકલા વચ્ચે ગરનાળામાં કહેવાતા જીવદયા પ્રેમીઓ લીલો ઘાસચારો કે સડેલાં શાકભાજી નાખતા હોવાના કારણે અબોલ પશુઓની સંખ્યા વધી છે પાલિકા તંત્ર કે પોલીસ આવા લોકોને કેમ આટકાવતી નથી તે બાબતે તંત્ર કંઈ ચોખવટ કરશે ? થરાનગરનો વિકાસ કયાં નેતાઓ જવાબ આપશે?

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ચાસવડ દ્વારા વાલિયા તાલુકાના ઝોકલા ગામે ડાંગરના પાક પર ક્ષેત્ર દિવસની ઉજવાય કરાઈ

। (માહિતી) ગાંધીનગર, તા.૩૦ ।

ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા હાકલ કરતા વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા મહેન્દ્રભાઈ પટેલ ભારતીય કૃષિ અનુસંધાન પરિસદ, નવી દિલ્હી હેઠળ ચાલતા કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા (કેવીકે) ના સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી થઈ રહી છે ત્યારે ભરૂચ જિલ્લાનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ચાસવડ દ્વારા પણ વિવિધ કૃષિ લક્ષી કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત વાલિયા તાલુકાના ઝોકલા ગામે ડાંગરના પાક પર ક્ષેત્ર દિવસ ઉજવાયો હતો.સંસ્થાના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા મહેન્દ્રભાઈ પટેલ દ્વારા કૃષક સુવર્ણ સમૃદ્ધિ સપ્તાહ ઉજવણીના ઉદેશ અને કેવીકે દ્વારા ચાલતી વિવિધ કૃષિલક્ષી પ્રવૃતિઓ વિષે લોકોને માહિતગાર કર્યાં સાથે હાલના સમયમાં વધુ પડતાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો ઉપયોગ ટાળી ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી કરી જમીન, પાણી, હવા અને સ્વાસ્થ્યને બચાવવા વધારે પ્રયત્નો કરવા પડશે અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા હાકલ કરી હતી. વૈજ્ઞાનિક હર્ષદભાઈ વસાવાએ જણાવ્યું સ્વચ્છતા હી સેવા અભિયાન-૨૦૨૪ અન્વયે ગામ,શહેર, ઓફિસ, શાળા, આંગળવાડી વગેરે સ્થળોએ સ્વચ્છતા રાખવા ગ્રામજનોને તેમણે અનુરોધ કર્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. પ્રેમમાં તમારા કઠોર વર્તન માટે માફી માગો. કામ પર ધ્યાન કેન્દ્રિત કરો અને લાગણીશીલ સંઘર્ષથી દૂર રહો. આ રાશિ ના વયસ્ક લોકો મફત સમયમાં આજે તેમના જૂના મિત્રોને મળવા જઈ શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? મિત્રો મદદરૂપ અને ખાસ્સા ઉપયોગી સાબિત થશે. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. પરિવારના સભ્યો તમારા મત સાથે સહમત થશે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો. બહેનના લગ્નના સમાચાર તમને ખુશખુશાલ કરી મુકશે. બહેનથી દૂર થવાના વિચારમાત્રથી તમને દુ:ખની લાગણી થવાની શક્યતા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. પરિવાર સાથેના જોડાણ અને બંધનને તાજાં કરવાનો દિવસ. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂરૂ નહીં રહે. આજે તમને આ વાસ્તવિકતાની અનુભૂતિ થશે. કામના સ્થળે આજે કોઈક વ્યક્તિ તમારી સાથે કંઈક સારૂં વર્તન કરશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો. રૉમાન્સને આજે ઓછું મહત્વ મળે એવું લાગે છે કેમ કે તમારૂં પ્રિયપાત્ર ખૂબ જ વધારે પડતી માગ કરી રહ્યું હોય એવું લાગે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે આજે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે આલ્કોહૉલનું સેવન ન કરો કેમ કે એનાથી તમારી ઊંઘમાં બગાડ થશે અને ગાઢ આરામ લેવાથી તમને વંચિત કરશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવાની શક્યતા છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારા દિવસનું આયોજન સંભાળપૂર્વક કરજો-મદદ લેવા માટે જેમના પર તમે વિશ્વાસ મુકી શકતા હો એવા લોકો સાથે વાત કરો.

### પડોશી દેશ અંગે કેન્દ્રીય સંરક્ષણમંત્રીનું મહત્વનું નિવેદન

# મૈત્રીપૂર્ણ સંબંધ હોત તો ભારતે પાક.ને IMF કરતાં વધુ મદદ કરી હોત : રાજનાથ

## રાજનાથસિંહે તર્ક પણ આપ્યો કે ક્ષેત્રની પ્રત્યે આ પ્રતિબદ્ધતા આંતરાષ્ટ્રીય નાણાકીય સહાય પર પાકિસ્તાનની નિર્ભરતાની બિલકુલ વિપરિત છે

। (એજન્સી) જમ્મુ, તા.૩૦ ।

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાન મામલે એક મહત્વની ટિપ્પણી કરી છે. તેમણે કહ્યું છે કે જો પાકિસ્તાને ભારત સાથે મૈત્રીપૂર્ણ સંબંધ બનાવી રાખ્યો હોત તો ભારત પાકિસ્તાનને આઈએમએફ પાસે વર્તમાન માંગેલી રકમ કરતા મોટી આર્થિક સહાય કરવા તૈયાર હોત. રાજનાથસિંહે ઉમેર્યુ કે, મેં મારા પાકિસ્તાનના મિત્રો કહ્યું સંબંધ તણાવ પૂર્ણ કેમ છે, આપણે પડોશી છીએ. જો આપણા સંબંધ સારા હોત તો અમે(ભારત) આઈએમએફ કરતાં વધુ પૈસા આપ્યા હોત. જમ્મુ-કાશ્મીરના બાંદીપોરા જિલ્લાના ગુરેજ વિધાનસભા ક્ષેત્રમાં જાહેરસભાને સંબોધિત કરવા દરમિયાન રાજનાથસિંહે ૨૦૧૪-૧૫માં વડાપ્રધાન



નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલા રૂ. ૯૦૦૦૦ કરોડના પેકેજનો હવાલો આપીને કહ્યું કે, સરકાર જમ્મુ-કાશ્મીરના વિકાસ માટે સમર્પિત છે. રાજનાથસિંહે તર્ક પણ આપ્યો કે ક્ષેત્રની પ્રત્યે આ પ્રતિબદ્ધતા આંતરાષ્ટ્રીય નાણાકીય સહાય પર પાકિસ્તાનની નિર્ભરતાની બિલકુલ વિપરિત છે. પોતાના ભાષણ દરમિયાન રાજનાથસિંહે પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીની ટિપ્પણીનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, આપણેમિત્રબદલીશકીએછીએ,પરંતુઆપણે પડોશી બદલી શકતા નથી. તેમણે પાકિસ્તાનને ભારત સાથેના તણાવ પૂર્ણ સંબંધોમાં ફેરવિચારણા કરવા વિંનતી પણ કરી છે. રાજનાથસિંહે જણાવ્યું કે, પાકિસ્તાન દ્વારા ભારતની વિરુદ્ધ આતંકવાદને એક સાધન તરીકે ઉપયોગ કરવાથી આંતરરાષ્ટ્રીય મંચો પર એ એકલું પડી ગયું છે, અહીંયા સુધી કે પરંપરાગત સહયોગીઓ પણ પાકિસ્તાનથી દૂર થઈ ગયા છે. આ સાથે તેમણે એમ પણ જણાવ્યું કે, જ્યારે પણ અમે આતંકવાદની તપાસ કરી છે, તો એમાં પાકિસ્તાનની સંડોવણી હોવાનું જાણવા મળ્યું છે. અમારી સરકારોએ પાકિસ્તાનને એ સમજાવવાની કોશિશ કરી છે કે તેમણે આતંકવાદીઓની શિબિરો બંધ કરી દેવી જોઈએ, પરંતુ કોઈ ફેરફાર થયો નથી.

### નેક્ટેરિયન સમયગાળો ૩.૮૫ અબજ વર્ષ જૂનો છે

# ચંદ્રયાન-૩ જ્યાં લેન્ડ થયું છે ત્યાં અન્ય કોઇ દેશનું મિશન પહોંચ્યું નથી : ઇસરો

## સંશોધકોએ જણાવ્યું કે ચંદ્રયાન જે ક્રેટર પર ઉતર્યું હતું તે 'નેક્ટેરિયન પીરિયડ' દરમિયાન રચાયો હતો

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

ઈસરોના સંશોધકોએ જણાવ્યું કે ચંદ્રયાન જે ક્રેટર પર ઉતર્યું હતું તે 'નેક્ટેરિયન પીરિયડ' દરમિયાન રચાયો હતો. નેક્ટેરિયન સમયગાળો ૩.૮૫ અબજ વર્ષ જૂનો છે અને તે ચંદ્ર પરનો સૌથી જૂનો સમયગાળો છે. ભૌતિક સંશોધન પ્રયોગશાળાના પ્લેનેટરી સાયન્સ વિભાગમાં એસોસિયેટ પ્રોફેસર એસ. વિજયને કહ્યું કે ચંદ્રયાન-૩ જ્યાં લેન્ડ થયું છે તે એક અનોખી ભૂસ્તરશાસ્ત્રીય જગ્યા છે.

જ્યાં અન્ય કોઈ મિશન પહોંચ્યું નથી. ભારતનું ચંદ્રયાન-૩ સૌથી જૂના ક્રેટરમાંથી એક પર ઉતર્યું હતું. મિશન અને ઉપગ્રહોમાંથી મળેલી તસવીરોનું વિશ્લેષણ કરનારા વૈજ્ઞાનિકોએ આ શક્યતા વ્યક્ત કરી છે. કોઈપણ ગ્રહ, ઉપગ્રહ અથવા અન્ય અવકાશી પદાર્થ પરના ખાડાને 'ક્રેટર' કહેવામાં આવે છે. આ ક્રેટર જ્વાળામુખી ફાટવાથી બને છે. આ સિવાય જ્યારે ઉલ્કા પિંડ બીજા ગ્રહ સાથે અથડાય છે ત્યારે ક્રેટર પણ બને છે. મિશનના રોવરમાંથી મળેલી તસવીરો આ અક્ષાંશ પર રોવર દ્વારા લેવામાં આવેલી ચંદ્રની પ્રથમ તસવીરો છે.

આ દર્શાવે છે કે સમય જતાં ચંદ્રનો વિકાસ કેવી રીતે થયો.




જ્યારે કોઈ તારો કોઈ ગ્રહ અથવા ચંદ્ર જેવા મોટા ઉલ્કાપિંડની સપાટી સાથે અથડાય છે ત્યારે એક ક્રેટર બને છે અને તેમાંથી વિસ્થાપિત સામગ્રીને 'ઈજેક્ટા' કહેવામાં આવે છે. ચંદ્રયાન-૩ એવા એક 'ક્રેટર' પર ઉતર્યું હતું. જેનો વ્યાસ લગભગ ૧૬૦ કિલોમીટર છે અને ફોટોગ્રાફસ દર્શાવે છે કે તે લગભગ અર્ધ-ગોળાકાર માળખું છે. સંશોધકોએ કહ્યું કે આ ક્રેટરનો અડધો ભાગ છે અને બાકીનો અડધો ભાગ દક્ષિણ ધ્રુવ -'એટકેન બેસિન'માંથી નીકળેલા 'ઈજેક્ટા' હેઠળ દટાયેલો હોઈ શકે છે.

### ઈચ્છામૃત્યુ પર સરકારની નવી ગાઈડલાઇન

# ગંભીર બીમારીથી પીડિત દર્દીઓથી લાઈફ સપોર્ટ હટાવવાની શરતો બદલાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ગાઈડલાઈન રજૂ કરી છે, જેમાં હોસ્પિટલ દ્વારા રચવામાં આવેલા પ્રાથમિક અને માધ્યમિક બંને મેડિકલ બોર્ડ તેમજ દર્દીના પરિવાર અને સરોગેટ મંજૂરી આપે છે, તો ગંભીર રૂપે જીવન રક્ષક પ્રણાલી (લાઈફ સપોર્ટ સિસ્ટમ) પાછી લઈ શકાય છે. તેને નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ અથવા ગંભીર રૂપે બીમાર દર્દીઓનો લાઈફ સપોર્ટ હટાવવા બાબતે મહત્ત્વનું પગલું માનવામાં આવે છે. સાર્વજનિક ટિપ્પણી માટે રજૂ કરવામાં આવેલા ડ્રાફ્ટ દિશા-નિર્દેશોમાં સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે, આઈસીયુમાં દાખલ ઘણાં ગંભીરરૂપે બીમાર છે અને તેમના જીવન રક્ષક સારવાર (એલએસટી)થી લાભ મળવાની આશા નથી. એવામાં મેકેનિકલ વેન્ટિલેશન, સર્જિકલ પ્રક્રિયા, પેરેન્ટલ ન્યૂટ્રિશન અને એક્સ્ટ્રા કૉર્પોરિયલ મેમ્બ્રેન ઓક્સિડન (ઈસીએમઓ) સામેલ છે. જોકે, આ ગાઈડલાઈન આટલા સુધી સિમિત નથી. સ્વાસ્થ્ય મંત્રાલયનું કહેવું છે કે, 'આવી પરિસ્થિતિમાં, એસલએસટી બિનલાભકારી હોય છે અને દર્દીઓને અનાવશ્યરક બોજ અને પીડા વધારે છે તેથી, તેને ખૂબ જ અયોગ્ય માનવામાં આવે છે. આ સિવાય, પરિવારમાં ભાવનાત્મક તણાવ અને આર્થિક મુશ્કેલીની સાથે વ્યાવસાયિક તબીબી સંભાળ રાખનાર માટે નૈતિક સંકટ વધે છે. આવા દર્દીઓમાં એલએસટી પાછું ખેંચી લેવું એ દુનિયાભરમાં ICU સંભાળનું માનક માનવામાં આવે છે અને ઘણી કોર્ટ દ્વારા તેનું સમર્થન પણ કરવામાં આવ્યું છે. ટર્મિનલ ઇલનેસ એક અપરિવર્તનીય અથવા સારવાર ન થઈ શકે તેવી સ્થિતિને કહેવામાં આવે છે, જેના કારણે નજીકના ભવિષ્યમાં મૃત્યુ અનિવાર્ય છે. માથાની ગંભીર ઈજા, દર્દનાક અને જીવલેણ ઈજા જે ૭૨ કલાક અથવા તેનાથી વધારે સમય પછી પણ ઠીક નથી થતી, તેને પણ તેમાં સામેલ કરવામાં આવ્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલયની ડ્રાફ્ટ ગાઈડલાઈન અનુસાર, જો કોઈ દર્દી બ્રેઈન ડેડ અથવા રોગની સારવાર દરમિયાન ખબર પડે છે કે, તેને એગ્રેસિવ મેડિકલ ટ્રીટમેન્ટથી લાભ થવાની સંભાવના નથી અથવા જો દર્દી/સરોગેટે રોગનું નિદાન કર્યા બાદ, લાઈફ સપોર્ટ રાખવાથી લેખિત ઈનકાર કરી દીધો છે, તો તેને પાછો લઈ શકાય છે. સરોગેટ સ્વાસ્થ્ય સેવા આપનાર સિવાય એક વ્યક્તિ હોય છે જેને દર્દીના સર્વોત્તમ હિતના પ્રતિનિધિના રૂપે સ્વીકાર કરવામાં આવ્યો છે. તે ત્યારે દર્દીની તરફથી નિર્ણય લઈ શકે છે, જ્યારે દર્દી ખુદ નિર્ણય લેવાની ક્ષમતા ખોઈ દે છે. જો દર્દીને એડવાન્સ મેડિકલ ડાયરેક્ટિવ અથવા માન્ય એડવાન્સ્ડ મેડિકલ ડાયરેક્ટિવ (AMD) બનાવે છે, તો સરોગેટ નિર્દેશમાં નામિત વ્યક્તિ હશે. જો કોઈ માન્ય AMD નથી, તો સરોગેટ દર્દીનું નજીકનું સંબંધી (પરિવાર) અથવા મિત્ર અથવા માતા-પિતા હશે. સરકારી દિશા-નિર્દેશ અનુસાર, પ્રાઈમરી મેડિકલ બોર્ડ (પીએનબી) જેવા જીવન રક્ષક પ્રણાલીના બિનજરૂરી થવાનું આકલન કરે છે, તેમાં પ્રાઈમરી ડૉક્ટર અને ઓછામાં ઓછું પાંચ વર્ષના અનુભવવાળા ઓછામાં ઓછા બે સબજેક્ટ એક્સપર્ટ સામેલ હોવા જોઈએ. ત્યારબાદ, નિર્ણયને સેકન્ડ-રી મેડિકલ બોર્ડ (એસએમબી) દ્વારા આગળ ચકાસેલું હોવું જોઈએ, જેમાં સીએમઓ દ્વારા માન્ય એક રેગ્યુલર મેડિકલ પ્રેક્ટિશનર (આરએમપી) અને ઓછામાં ઓછા બે સબજેક્ટ એક્સપર્ટ સામેલ હોવા જોઈએ.

### મકાનોના ભાવમાં ધરખમ વધારો

# દિલ્હી-એનસીઆર, બેંગ્લુરૂમાં મકાનોની કિંમતમાં વાર્ષિક ધોરણે ૨૯ ટકાનો વધારો

## આંકડાઓ અનુસાર, ઉત્પાદન ખર્ચમાં સતત વૃદ્ધિ અને લકઝરી ઘરોના પુરવઠોમાં વધારો થતાં મકાનોની કિંમત વધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ચાલુ કેલેન્ડર વર્ષના ત્રીજા ત્રિમાસિકમાં દિલ્હી-એનસીઆર અને બેંગ્લુરૂમાં મકાનોની કિંમત વાર્ષિક ધોરણે ૨૯ ટકા વધી છે. રિયલ એસ્ટેટ એડવાઝર એનારોકના આંકડાઓ અનુસાર, ઉત્પાદન ખર્ચમાં સતત વૃદ્ધિ અને લકઝરી ઘરોના પુરવઠોમાં વધારો થતાં મકાનોની કિંમત વધી છે. એનારોકના રિપોર્ટ મુજબ, દિલ્હી-એનસીઆરમાં મકાનોની સરેરાશ કિંમત જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ૨૯ ટકા વધી રૂ. ૭૨૦૦ પ્રતિ વર્ગફૂટ થઈ છે. જે એક વર્ષ પહેલાં સમાન ગાળામાં રૂ. ૫૫૭૦ પ્રતિ વર્ગફૂટ થઈ હતી. બેંગ્લુરૂમાં ચાલુ કેલેન્ડર વર્ષના ત્રીજા ત્રિમાસિકમાં ઘરની કિંમત ૨૯ ટકા વધી રૂ. ૮૧૦૦ પ્રતિ વર્ગફૂટ થઈ છે. જે ગતવર્ષે રૂ. ૬૨૭૫ પ્રતિ વર્ગફૂટ હતી.

હૈદરાબાદમાં મકાનોની કિંમતોમાં સૌથી વધુ ૩૨ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. જે ગતવર્ષે રૂ. ૫૪૦૦ સામે વધી આ ત્રિમાસિકમાં રૂ. ૭૧૫૦ પ્રતિ વર્ગફૂટ થઈ છે. મુંબઈમાં સરેરાશ કિંમત રૂ. ૧૩૧૫૦ પ્રતિ વર્ગફૂટ સામે ૨૪ ટકા વધી રૂ. ૧૬૩૦૦ પ્રતિ વર્ગફૂટ થઈ છે. પુણેમાં ભાવ



રૂ. ૬૫૫૦ સામે ૧૬ ટકા વધી રૂ. ૭૬૦૦ પ્રતિ વર્ગફૂટ થયો છે. ચેન્નઈમાં ભાવ ૧૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૬૬૮૦ પ્રતિ વર્ગફૂટ થયો છે. કોલકાતામાં સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ભાવ ૧૪ ટકા વધી રૂ. ૫૭૦૦ પ્રતિ વર્ગફૂટ થયા છે. જે ગતવર્ષે રૂ. ૫૦૦૦ પ્રતિ વર્ગફૂટ હતા. બેંગ્લુરૂ સ્થિત રિયાલ્ટી ફર્મ વૈષ્ણવી ગ્રુપના ડિરેક્ટર દર્શન ગોવિંદ રાજૂએ જણાવ્યું હતું કે, મકાનોની કિંમત છેલ્લા થોડા ત્રિમાસિકથી સતત વધી રહી છે. જેની પાછળનું કારણ કુલ ઉત્પાદન ખર્ચમાં વધારો છે. જમીનોના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. બીજી તરફ લકઝરી ઘરોની માગ વધતાં ભાવમાં ઉછાળો નોંધાયો છે. ટોચના સાત શહેરોમાં સરેરાશ રહેણાંક મિલકતના ભાવમાં વાર્ષિક ધોરણે સામૂહિક રીતે ૨૩ ટકાનો વધારો થયો છે. તે ૨૦૨૩ના ત્રીજા ત્રિમાસિકમાં પ્રતિ ચોરસ ફૂટ રૂ ૬,૮૦૦થી વધી ૨૦૨૪ના ત્રીજા ત્રિમાસિકમાં રૂ ૮,૩૯૦ પ્રતિ ચોરસ ફૂટ થયા છે. જુલાઈ-સપ્ટેમ્બરમાં મકાનોના વેચાણ ૧૧ ટકા ઘટીને ૧,૦૭,૦૬૦ યુનિટ થયા હતાં. ગત વર્ષ ૧,૨૦,૨૯૦ યુનિટ મકાન વેચાયા હતા. ટોચના સાત શહેરોમાં નવા મકાનોના પુરવઠામાં ૧૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જુલાઈ-સપ્ટેમ્બરમાં નવા મકાનોની ઓફર ૯૩,૭૫૦ યુનિટ રહી હતી, જે ૨૦૨૩માં સમાન સમયગાળામાં ૧,૧૬,૨૨૦ યુનિટ હતી.

### સીરિયામાં અમેરિકાની આર્મીએ કરી એરસ્ટ્રાઇક

। (એજન્સી) સીરિયા, તા.૩૦ ।

અમેરિકાએ સીરિયામાં હવાઈ હુમલા કર્યા હતા. જેમાં ઈસ્લામિક સ્ટેટ ગ્રુપ અને અલ-કાયદા સાથે જોડાયેલા ૩૭ આતંકવાદીઓ માર્યા ગયા હતા. અમેરિકી સેનાએ દાવો કર્યો હતો કે આતંકવાદીઓના ઘણા ઠેકાણાઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. યુએસ સેન્ટ્રલ કમાન્ડ અનુસાર, અમેરિકાએ ઉત્તર-પશ્ચિમ સીરિયા પર હુમલો કર્યો હતો. જેમાં અલ-કાયદા સાથે જોડાયેલા હુર્રસ અલ-દિન જૂથના ટોચના નેતા અને અન્ય આઠને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ આતંકવાદીઓ સૈન્ય કાર્યવાહી પર નજર રાખવાની જવાબદારી હતી. આ સાથે સેન્ટ્રલ સીરિયામાં આઈએસના ટ્રેનિંગ કેમ્પ પર હવાઈ હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૨૮ આતંકવાદીઓ માર્યા ગયા હતા. જેમાં ચાર સીરિયાના નેતાઓનો સમાવેશ થાય છે. અમેરિકી સૈન્યના જણાવ્યા અનુસાર, હવાઈ હુમલાએ અમેરિકાના હિતોની સાથે સાથે અમારા સહયોગીઓ અને ભાગીદારો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે ISISની તૈયારીઓને નષ્ટ કરી દીધી હતી. સીરિયામાં લગભગ ૯૦૦ અમેરિકન સૈનિકો તૈનાત છે. અમેરિકી દળો ઉત્તરપૂર્વ સીરિયામાં તેમના મુખ્ય સાથી કુર્દિશના નેતૃત્વ હેઠળની સીરિયન ડેમોક્રેટિક ફોર્સિસને સલાહ અને સહાય પૂરી પાડે છે. અમેરિકન આર્મીએ ૧૬ સપ્ટેમ્બરે કરવામાં આવેલા હુમલાની પણ માહિતી આપી હતી. આ હુમલો મધ્ય સીરિયામાં દૂરના અજ્ઞાત સ્થળે આઈએસના તાલીમ શિબિર પર કરવામાં આવ્યો હતો. અમેરિકન સેનાએ હવાઈ હુમલો કર્યો હતો. જેમાં આ હુમલામાં ૨૮ આતંકીઓ માર્યા ગયા હતા. નોંધનીય છે કે સીરિયામાં લગભગ ૯૦૦ અમેરિકન સૈનિકો છે જે મુખ્યત્વે કટ્ટરપંથી IS જૂથની વાપસીને રોકવામાં લાગ્યા છે. ISએ ૨૦૧૪માં મોટા પાયે ઈરાક અને સીરિયા પર કબજો કર્યો હતો. ઈઝરાયેલની સેનાએ દાવો કર્યો હતો કે તેની વાયુસેનાએ લેબનોનમાં ૨૨૦ હવાઈ હુમલા કર્યા હતા અને તમામ ટાર્ગેટ હિઝબુલ્લા સાથે જોડાયેલા હતા. સેના દ્વારા જાહેર કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, જે લક્ષ્યોને નિશાન બનાવવામાં આવ્યા છે તેમાં હિઝબુલ્લાહનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લોન્ચર્સ અને હથિયારોના સંગ્રહની સુવિધાઓ સામેલ છે. સમાચાર એજન્સી શિન્હુઆના જણાવ્યા અનુસાર સેનાએ હિઝબુલ્લાહના આતંકીઓ પર પણ હુમલો કર્યો હતો.

### કપલનો રોમાન્સ કરતો વીડિયો આવ્યો સામે । રેપર છેલ્લા કેટલાક સમયથી હીરાને ડેટ કરી રહ્યા હતા

# ડિવોર્સ બાદ યો યો હની સિંહની લાઈફમાં આવી એક એક્ટ્રેસ

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

ફેમસ રેપર યો યો હની સિંહે શનિવાર રાત્રે એક્ટ્રેસ હીરા સોહલ સાથે પોતાના સંબંધોને સત્તાવાર કરી દીધા. સિંગરે અબૂ ધાબીમાં IIFA એવોર્ડ્સ ૨૦૨૪ના ગ્રીન કાર્પેટ પર હીરાની સાથે પોઝ આપ્યા. આ દરમિયાન બંનેના ચહેરા પર સ્માઈલ જોવા મળી. ઈવેન્ટથી હની સિંહ અને હીરા સોહલની સાથેની તસવીરો અને વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યા છે. કથિત રીતે રેપર છેલ્લા કેટલાક સમયથી હીરાને ડેટ કરી રહ્યા હતા. ત્યારે, શનિવારે બંનેએ એક-બીજાના હાથ પકડીને પોતાના સંબંધો સત્તાવાર જાહેર કર્યા. વીડિયોમાં હીરાને સિંગરની સાથે પોઝ આપતા અચકાતી જોઈ શકાય છે, પરંતુ પછી તેમણે તેનો હાથ પકડી લીધો અને તસવીરો ખેંચાવી. આ દરમિયાન પાપારાઝી પણ કપલને ટીઝ કર્યું, જે સાંભળીને હીરા શરમાઈ ગઈ. તો, હની સિંહ મજાક કરવામાં વ્યસ્ત જોવા મળ્યો. યો યો હની સિંહના પ્રથમ લગ્ન શાલિની તલવાર સાથે થયા હતા, પરંતુ લગ્નના ૧૧ વર્ષ બાદ ૨૦૨૨માં બંનેએ ડિવોર્સ લઈ લીધા. ત્યારબાદ સિંગરે એક્ટ્રેસ ટીના થડાનીને ડેટ કરી, પરંતુ તે સંબંધ પણ લાંબો સમય ન ચાલી શક્યા અને ૨૦૨૩માં તેઓ અલગ થઈ ગયા. કથિત રીતે હની સિંહ અને હીરાની મુલાકાત એક કોમન ફ્રેન્ડ દ્વારા થઈ હતી, અને તેમણે પહેલા મીડિયાની સામે પોતાના સંબંધો જાહેર ના કરવાનો નિર્ણય લીધો હતો. રિપોર્ટમાં દાવો કરાયો છે કે, સિંગર ઈન્ડસ્ટ્રીમાં પોતાના મિત્રો અને સહકર્મીઓની સામે ગર્વથી તેમણે પોતાની ગર્લફ્રેન્ડ તરીકે રજૂ કરી. હીરા સોહલ એક એક્ટ્રેસ છે અને તેમણે વધુ પડતા પંજાબી મ્યૂઝિક વીડિયોમાં અભિનય કર્યો છે. કેટલાક હિન્દી વેબ શોનો ભાગ હોવા સિવાય તેમણે સિદ્ધાર્ત મલ્હોત્રા અને અજય દેવગનની ફિલ્મ 'થેંક ગોડ'માં પણ એક નાનું પાત્ર ભજવ્યું હતું.

### વેપારીઓ માટે રાહતના સમાચાર

# જૂના બાકી જીએસટી પર હવે વધારાનો ચાર્જ અને પેનલ્ટી આપવા નહીં પડે

## જીએસટી ડિમાન્ડ નોટિસ મેળવનારા કરદાતાઓ હવે વ્યાજ અને દંડ વિના તેમની બાકી ચૂકવણી કરી શકશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

કેન્દ્ર સરકારે વેપારીઓને GST (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ)માં મોટી રાહત આપી છે. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ માટે જારી કરવામાં આવેલા જીએસટી ડિમાન્ડ નોટિસ મેળવનારા કરદાતાઓ હવે વ્યાજ અને દંડ વિના તેમની બાકી ચૂકવણી કરી શકશે. જો કે, શરત એ છે કે ટેક્સ-ડિમાન્ડ નોટિસ નોન-ફ્રોડલ કેટેગરીની હોવી જોઈએ.

આ માટે સરકાર દ્વારા નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. આ લાભ ૧ નવેમ્બરથી જીએસટી કરદાતાઓ માટે લાગુ થશે. આ જીએસટી મુક્તિ યોજના સરકાર દ્વારા સામાન્ય બજેટ-૨૦૨૪માં જાહેર કરવામાં આવી હતી. સરકાર દ્વારા ટેક્સ વિવાદોમાં ઘટાડો કરવાના હેતુ સાથે આ પ્રકારના પ્રયાસ હાથ ધરાઈ રહ્યા છે. જીએસટી કાયદાની નવી કલમ ૧૨૮૭ હેઠળ સરકાર દ્વારા આ રાહત આપવામાં આવી છે, જે જીએસટી સત્તાવાળાઓને કરદાતાઓ પર અનુપાલન નું દબાણ ઘટાડવા માટે છૂટછાટ રજૂ કરવાની મંજૂરી આપે છે. જીએસટી કાઉન્સિલની ૫૩મી બેઠકના નિર્ણય મુજબ, તેનો ઉદ્દેશ્ય એવા વિવાદોને ઉકેલવાનો છે કે જ્યાં કાયદાની ગેરસમજ અથવા અર્થઘટનને કારણે ઉદ્દભવેલી કર જવાબદારીઓને કારણે ટેક્સ ડિમાન્ડ નોટિસ આપવામાં આવી છે. આ મુક્તિનો લાભ મેળવવા માટે, GST ડિમાન્ડ નોટિસમાં બાકી રકમ ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ચૂકવવાની રહેશે. એકવાર તમે સંપૂર્ણ બાકી ચૂકવણી કરી લો. તેની સાથે સંકળાયેલ વ્યાજ અને પેનલ્ટીની રકમ માફ કરવામાં આવશે અને તમારી પતાવટ પૂર્ણ થશે. આ છૂટ ફક્ત નોન-ફ્રોડલ કેટેગરીમાં સામેલ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ સુધીની જીએસટી ડિમાન્ડ નોટિસ માટે છે.

### મોદી સરકાર વન નેશન-વન ઇલેક્શન પર સંસદમાં બિલ લાવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

સરકાર એક દેશ, એક ચૂંટણીને લઈને સંસદમાં બિલ લાવવાની તૈયારી કરી રહી છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર સરકાર ત્રણ બિલ લાવશે જેમાંથી બે બંધારણીય સુધારા બિલ હશે. જો કે, સરકાર આ બિલને સંસદના આગામી શિયાળુ સત્રમાં લાવશે કે બજેટ સત્રમાં એ હજુ નક્કી નથી. આ અંગે ટૂંક સમયમાં સરકાર સ્તરે નિર્ણય લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે મોદી કેબિનેટે એક દેશ, એક ચૂંટણી પર રામનાથ કોવિંદ સમિતિની ભલામણોને સ્વીકારી હતી. સમિતિના રિપોર્ટમાં બે તબક્કામાં ચૂંટણી કરાવવાની ભલામણ કરવામાં આવી છે. સમિતિએ પ્રથમ તબક્કામાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી યોજવાની ભલામણ કરી છે. ત્યાં પોતે. સમિતિએ બીજા તબક્કામાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી યોજવાની ભલામણ કરી છે. સૂચિત બંધારણીય સુધારા બિલોમાંથી એક સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓને લોકસભા અને વિધાનસભાઓ સાથે જોડવાનું છે.

### બેંગલુરુમાં નવનિર્મિત NCAનું ઉદ્ઘાટન

# હાઈટેક સુવિધાથી સુસજ્જ વધુ એક મોટા સ્ટેડિયમનું ઉદઘાટન

## સ્ટેડિયમમાં ૩ વર્લ્ડ ક્લાસ મેદાન અને ૮૬ પિચ આવેલી છે, જેમાં ઇન્ડોર અને આઉટડોર બંને વિસ્તારોનો સમાવેશ

। (એજન્સી) બેંગલુરુ, તા.૩૦ ।

ખેલાડીઓને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં BCCIએ વધુ એક પહેલ કરી છે. આજે બેંગલુરુમાં નવનિર્મિત નેશનલ ક્રિકેટ એકેડમી (NCA)નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ વર્લ્ડ ક્લાસ એકેડમીને હવેથી BCCI સેન્ટર ઓફ એક્સેલન્સ (COE) તરીકે ઓળખવામાં આવશે. આ પહેલા આ એકેડમીની સ્થાપના વર્ષ ૨૦૦૦માં એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ સંકુલમાં કરવામાં આવી હતી. હવે BCCI સેન્ટર ઑફ એક્સેલન્સ બેંગલુરુમાં કેમ્પેગોડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક ૪૦ એકરમાં ફેલાયેલું છે, જેમાં કુલ ૩ વર્લ્ડ ક્લાસ મેદાન અને ૮૬ પિચ આવેલી છે. જેમાં ઈન્ડોર અને આઉટડોર બંને વિસ્તારોનો સમાવેશ થાય છે. નવી ટેક્નોલોજીથી બનેલું આ મેદાન ખેલાડીઓને સારી તાલીમ આપવામાં મદદ કરશે. ગ્રાઉન્ડ છ એ મુખ્ય મેદાન છે, જેમાં ૮૫ યાર્ડની બાઉન્ડ્રી છે, જેમાં રમવા માટે ૧૩ લાલ માટીની પીચો આવેલી છે. તેની સાથે અન્ય મેદાનને પણ વિવિધ પ્રકારની માટીથી તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં પ્રેક્ટિસ કરવા માટે ૪૫ આકર્ષક આઉટડોર નેટ પિચો પણ છે. ફિલ્ડિંગ પ્રેક્ટિસ એરિયા અને ૬ આઉટડોર રનિંગ ટ્રેક પણ છે. ઈન્ડોર પ્રેક્ટિસ સુવિધા માટે યુકે અને ઑસ્ટ્રેલિયાના પ્રીમિયમ ટર્ફ સાથેની ૮ પિચ તેમજ ૮૦ મીટરનો કોમન રન-અપ એરિયા આવેલો છે. તેમાં મોટી મજબૂત કાચની પેનલ આવેલી છે. આવી અનેક અત્યાધુનિક સુવિધાઓ પર અહીં વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

**ન્યૂઝ બ્રિફ**

## નવરાત્રીમાં વિધર્મીઓના ગરબામાં પ્રવેશ પર પ્રતિબંધ

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

નવરાત્રીના તહેવારની હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે ગરબા આયોજકો દ્વારા તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. ગઈકાલે ગાંધીનગરમાં ગરબાના આયોજકો અને બજરંગ દળના કાર્યકરોની બેઠક મળી હતી. જેમાં વિધર્મીઓને ગરબામાં પ્રવેશ નહીં કરવા દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નવરાત્રીના તહેવારની હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે ગરબા આયોજકો દ્વારા તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. ગઈકાલે ગાંધીનગરમાં ગરબાના આયોજકો અને બજરંગ દળના કાર્યકરોની બેઠક મળી હતી. જેમાં વિધર્મીઓને ગરબામાં પ્રવેશ નહીં કરવા દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે જ વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરોએ પણ આ નિર્ણયમાં સમર્થન આપ્યુ છે.માતાજીની આરાધના અને હિન્દુઓ માટે આસ્થાના પ્રતિક સમાન નવરાત્રીના ગરબાના આયોજન અંગે બજરંગ દળના કાર્યકરોએ ગરબા આયોજકો સાથે ગાંધીનગરમાં બેઠક કરી હતી.

## ગીર ફાઉન્ડેશન દ્વારા તા. ૨ થી ૮ ઓક્ટોબર દરમિયાન ‘વન્યજીવ સપ્તાહ’ ઉજવાશે

। ગાંધીનગર, તા.૩૦ ।

નાગરિકોમાં વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાના હેતુસર પ્રતિ વર્ષ ‘ગીર’ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા તા.૨ થી ૮ ઑક્ટોબર દરમિયાન ‘વન્યજીવ સપ્તાહ’ની ઉજવણી કરવામાં આવે છે. દર વર્ષે ‘ગીર’ ફાઉન્ડેશન દ્વારા આ સપ્તાહ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી લોકજાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ સપ્તાહ દરમિયાન ગાંધીનગરના ઈન્દ્રોડા પ્રકૃતિ અને અરણ્ય ઉદ્યાનમાં મુલાકાતીઓ માટે નિઃશૂલ્ક પ્રવેશ આપવામાં આવશે. આ વર્ષે ‘ગીર’ ફાઉન્ડેશન દ્વારા સ્વચ્છતા અભિયાન, બર્ડ વૉક, વિદ્યાર્થીઓ માટે વર્કશોપ કમ ટ્રેનિંગ, ઈકો કલબ ટીચર્સ ટ્રેનિંગ, વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી, ફોટોગ્રાફી એક્ઝિબિશન તેમજ બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં સોમવાર તા.૭ ઓકટોબરના રોજ મુલાકાતીઓ માટે પાર્ક ખુલ્લો રાખવામાં આવશે, જ્યારે બુધવાર તા.૯ ઓકટોબરના રોજ મુલાકાતીઓ માટે પાર્ક બંધ રાખવામાં આવશે.

### અમદાવાદમાં હવે CMનો મતવિસ્તાર પણ નથી સુરક્ષિત

# ચાણક્યપુરીના શિવમ આર્કેડમાં ગુંડા તત્વોએ ખુલ્લી તલવારો સાથે મચાવ્યો આતંક

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

ગુજરાતના સેફેસ્ટ સિટીમાં જેની ગણતરી થાય છે એ અમદાવાદ હવે ગુનાખોરીનું એપીસેન્ટર બની રહ્યુ છે. રાજ્યના સૌથી સલામત શહેરના દાવા કરાતા અમદાવાદમાં કાયદો વ્યવસ્થાના દિવસે દિવસે લીરેલીરા ઉડી રહ્યા છે.

અસામાજિક તત્વો બેખૌફ બની રહ્યા છે. પહેલા એવુ હતુ કે ગુનાહિત તત્વો શહેરના અમુક વિસ્તાર પુરતા સિમિત હતા પરંતુ સલામત વિસ્તારોમાં જેની ગણના થાય છે અને ખુદ CM અને ગૃહમંત્રી અમિત શાહનો જે મતવિસ્તાર છે એ ચાણક્યપુરી વિસ્તારમાં ગત મધરાત્રે અસામાજિક તત્વોએ આતંકનું તાંડવ ખેલ્યુ. ચાણક્યપુરીમાં આવેલી શિવમ આર્કેડ સોસાયટીમાં મધરાત્રે ૧૫ જેટલા ઈસમો હથિયારો અને ખુલ્લી તલવારો સાથે ધસી આવ્યા અને સોસાયટીના રહીશો પર ધાક જમાવવાનો પ્રયાસ કર્યો. આ ઘટનાથી સોસાયટીના સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો છે. પોલીસના ઉચ્ચ ગજાના અધિકારી પણ આ જ સોસાયટીમાં રહે છે છતા ગુન્ડા તત્વોને તેમનો પણ કંઈ ડર ન હોય તેમ હથિયારો સાથે દોડી આવ્યા હતા. જે દર્શાવે છે કે અહીં કાયદો માત્ર કાગળ પર રહી ગયો છે. ગુન્ડા તત્વોને કાયદાનો કોઈ ડર રહ્યો નથી. અચાનક આ પ્રકારે ઘટના બનતા સોસાયટીના રહીશો પણ સિટી પોલીસની કામગીરી સામે સવાલ ઉઠાવી રહ્યા છે. સમગ્ર ઘટનાની મળતી વિગતો અનુસાર ઘટના ચાણક્યપુરી વિસ્તારના શિવમ આર્કેડ એપાર્ટમેન્ટમાં બની. એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર B-205માં દારૂની મહેફિલ ચાલી રહી હોવાની આશંકાએ સ્થાનિકોએ પૂછપરછ કરી. અને મામલો બિચક્યો. એ હદે કે ગણતરીની મિનિટોમાં મોટું ટોળુ ખુલ્લી તલવારો અને ધારદાર હથિયારો સાથે ફ્લેટ પર ધસી આવ્યું. પથ્થમારો કરાયો. તોડફોડ કરાઈ. અને તલવારોથી સ્થાનિકો પર હુમલાનો પ્રયાસ કરાયો. સમગ્ર ઘટનામાં બે સ્થાનિકોને ઈજા પહોંચી છે. જ્યારે ફ્લેટની સંપત્તિને મોટાપાયે નુકસાન થયું છે પાંચ આરોપીને ઝડપી પાડ્યા છે. પણ આ સમગ્ર આતંકી કાંડ બાદ સ્થાનિકો ભયના ઓથાર હેઠળ છે. મુદ્દો એ છે કે અમદાવાદમાં આ બધું ચાલી શું રહ્યું છે ? અસામાજિક તત્વો તલવારો સાથે ખુલ્લેઆમ ઉત્પાત મચાવી રહ્યા છે અને નિર્દોષોને રંજાડી રહ્યા છે. ત્યારે પોલીસ શું કરી રહી છે અને પોલીસની નાઈટ પેટ્રોલિંગની કામગીરી સામે પણ સવાલ ઉઠી રહ્યા છે. હથિયારો સાથે એક ટોળુ ધસી આવે છે અને પોલીસને જાણે કુંભકર્ણની નીંદ્રામાં પોઢી રહી છે. ઘટનાના સામે આવેલા સીસીટીવી જ આ વાતની સાબિતી આપી રહ્યા છે કે શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે. લુખ્ખા તત્વોને જાણે કાયદાનો કોઈ ડર જ રહ્યો નથી.

## ડબ્બા ટ્રેડિંગની તપાસ માટે ગૃહ વિભાગના નિર્દેશથી એસઆઈટીની રચના કરાઇ

। (એજન્સી) મહેસાણા તા.૩૦ ।

મહેસાણા જિલ્લાને હચમચાવી મુકનાર ડબ્બા ટ્રેડિંગ મામલે ગૃહ વિભાગના નિર્દેશ બાદ ગાંધીનગર રેન્જ આઈ જી દ્વારા એસ આઈ ટી ની રચના કરવામાં આવી છે. મહેસાણા જિલ્લામાં વડનગર, ખેરાલુ, સતલાસણા ડબ્બા ટ્રેડિંગનું એપી સેન્ટર છે. છેલ્લા બે વર્ષમાં ઉત્તર પ્રદેશ,હરિયાણા,રાજસ્થાન અને દિલ્હી જેવા રાજ્યના શેર બજારના રોકાણકારોને ટાર્ગેટ કરી કરોડોની ઠગાઈ થઈ હોવાના આ કૌભાંડમાં હવે ચોંકાવનારા ખુલાસા થયા છે.એસ આઈ ટી એ આ મામલે છેલ્લા ૧૦ દિવસમાં ૪૫ આરોપીને દબોચી લીધા છે. શુ છે આખું આ રેકેટ જુઓ અમારા આ ખાસ રિપોર્ટમાં વડનગર, વિસનગર, ખેરાલુમાં અને સતલાસણા તાલુકામાં બેરોજગાર યુવાનોને ટાર્ગેટ કરી ગેરકાયદે કોલ સેન્ટર ચલાવી ઠગાઈ આચરવાનું આ કૌભાંડ કોઈ ફિલ્મી કહાનીની કમ નથી.બેરોજગાર યુવાનોને ટાર્ગેટ કરી ખુલ્લા ખેતરોમાં ચાલતા કોલ સેન્ટરો દ્વારા ઠગાઈનો આંક ૧૦૦ કરોડ કરતા પણ વધુ હોવાનો પણ પોલીસ દ્વારા અંદાજ મુકવામાં આવ્યો છે. શેર બજારમાં રોકાણકારોનું લિસ્ટ મેળવી કોઈ પ્રોફેશનલ એડવાઈઝ આપે તે રીતે વિશ્વાસમાં લઈ કરોડો રૂપિયા સેરવી લેવાના આ કૌભાંડમાં નીત નવા ખુલાસા હવે થઈ રહ્યા છે.ગઠિયાઓએ ગામડાના ગરીબ લોકોને ૨૦૦૦ રૂપિયા આપવાની લાલચ આપી ડોક્યુમેન્ટ મેળવી લઈ ૪૨ જેટલા એકાઉન્ટ ખોલી ૨૭ કરોડ રૂપિયાનું ટ્રાન્સજેક્શન થયું હોવાનું હાલ પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

## ઝાલોદ આઈ.સી.ડી.એસ શાખા દ્વારા પોષણ માસ અંતર્ગત ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદ તાલુકાના icds વિભાગ દ્વારા પોષણ અભિયાન અંતર્ગત પોષણ માસમાં સપ્ટેમ્બર ૨૦૨૪ ચાલી રહેલ છે જેનો આજે છેલ્લો દિવસ હોય તો icds શાખા તમામમાં સેજા કક્ષાએ પોષણ માસની ઉજવણી કરવામાં આવેલ છે જેમાં વિવિધ થીમ ન્યુટ્રીશન ગ્રોથ મોનિટરિંગ તથા સેગ વગેરે થીમ આધારિત ઉજવણી કરવામાં આવેલ હતી જેમાં જિલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો, સરપંચો મુખ્ય સેવિકા તથા આઈસીડીએસનો સ્ટાફ હાજર રહેલ હતો.

## ગાંધીનગર ખાતે ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાના આયોજન અંગે ઉચ્ચસ્તરીય બેઠક કૃષિ મંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાઈ

। ગાંધીનગર, તા.૩૦ ।

ગાંધીનગર ખાતે ગત તા. ૨૬મી સપ્ટેમ્બરના રોજ કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાના આયોજન અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. ગુજરાતના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં ચાલુ વર્ષે મગફળીના બમ્પર ઉત્પાદનને ધ્યાને લઈ કેન્દ્ર સરકારના સહયોગથી રાજ્ય સરકારે કેન્દ્રીય નોડલ એજન્સીના માધ્યમથી ટેકાના ભાવે ખરીદીનું વિશેષ આયોજન કર્યું છે. આ આયોજન અંગે વિગતો આપતા કૃષિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકારના પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન અંતર્ગત પી.એસ.એસ. હેઠળ ગુજરાતમાં મગફળી, મગ, અડદ અને સોયાબીન પાકની ટેકાના ભાવે લાભ પાંચમ પછી તા. ૧૧મી નવેમ્બર, ૨૦૨૪ના રોજથી ખરીદી શરૂ કરવા માટેનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યમાં ખરીફ પાકોના કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ટેકાના ભાવે ખરીદી માટે ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. આ કેન્દ્રો ખાતેથી ૯૦ દિવસ સુધી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. ટેકાના ભાવે ખરીફ પાકોનું વેચાણ કરવા માટે ખેડૂતોને અનુરોધ કરતા મંત્રી શ્રી પટેલે ઉમેર્યું હતું કે, ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવા માટે ખેડૂતોએ તા. ૦૩ ઓક્ટોબરથી ૩૧ ઑક્ટોબર,૨૦૨૪ દરમિયાન ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી VCE મારફત ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે.

## અમદાવાદ મંડળ પર રેલવે સ્ટેશન, ટ્રેનો અને ઓફિસોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું



। અમદાવાદ, તા.૩૦ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં ૧૭ સપ્ટેમ્બરથી ૦૨ ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન ‘સ્વચ્છતા હી સેવા ૨૦૨૪’ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અભિયાન હેઠળ, ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ રેલ્વે સ્ટેશનો, ટ્રેનો અને ઓફિસોમાં વ્યાપક સ્વચ્છતા અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ ડિવિઝનના અમદાવાદ, સાબરમતી, પાલનપુર, મહેસાણા, હિંમતનગર, ગાંધીધામ અને અન્ય રેલવે સ્ટેશનો પર ટ્રેનો, રેલવે ટ્રેક અને ઓફિસ પરિસરની સફાઈ કરવામાં આવી હતી. મંડળ રેલ પ્રબંધક ની ઓફિસમાં કાર્મિક વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ શ્રમદાન કરી ઓફિસ અને તેની આસપાસના વિસ્તારની સફાઈ કરી હતી.

૨૯ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ, રેલ્વે સ્ટેશનો પર બેઝ કિચન, રેસ્ટોરન્ટ, ફૂડ સ્ટોલ અને ફૂડ ટ્રોલીની ખાસ સફાઈ કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન, અમદાવાદ, અસારવા અને વિરમગામ સ્ટેશન પર આરોગ્ય નિરીક્ષકો અને વાણિજ્ય નિરીક્ષકો દ્વારા ટ્રેનોમાં ફૂડ સ્ટોલ, બેઝ કિચન, કેન્ટીન અને પેન્ટ્રીકારનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. મુસાફરો, વિક્રેતાઓ અને રેલવે કર્મચારીઓને સ્વચ્છ ખોરાક અને વ્યક્તિગત સ્વચ્છતાના મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી.

## રેલવે સુરક્ષામાં શ્રેષ્ઠ કામગીરી બદલ રેલવેના ચાર કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું




। અમદાવાદ, તા.૩૦ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર મંડળ રેલ પ્રબંધક, શ્રી સુધીર કુમાર શર્માએ મંડળ ના ૦૪ રેલ્વે કર્મચારીઓનું સુરક્ષિત ટ્રેન સંચાલનમાં શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માન કર્યું હતું. આ રેલવે કર્મચારીઓને ફરજ દરમિયાન તેમની સતર્કતા અને તકેદારીના કારણે અનિચ્છનીય ઘટનાઓને રોકવામાં યોગદાન બદલ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર શ્રી ઉમેશ પ્રસાદે માહિતી આપતાં જણાવ્યું હતું કે શ્રી રાજેશ રોશન ફિટર-અમદાવાદ, શ્રી સીતારામ મીણા ફિટર-ગાંધીધામ, શ્રી ભૂપસિંહ મીણા સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ-ઉમરદશી અને શ્રી સુરેશ ચંદ મીણા લોકો પાયલટ-ગાંધીધામને અણધારી ઘટનાઓ જેવી કે કોચના વ્હીલ ની સ્પ્રીંગ તૂટેલી જોવા પર તરત જ યોગ્ય પગલાં લેવા, આગળની ટ્રોલીની જમણી બાજુની સેકન્ડરી કોઈલની સ્પ્રિંગ તૂટેલી જોવા મળવી,બ્રેક વાનમાંથી અસામાન્ય અવાજ સાંભળીને તાત્કાલિક યોગ્ય પગલાં લેવા વગેરેએ અમને શક્ય નુકસાન થી બચાવ્યા છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ આ એલર્ટ સેફ્ટી ગાર્ડ્સને પ્રોત્સાહિત કર્યા અને કહ્યું કે મુસાફરોની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જ્યારે રેલવે કર્મચારીઓ તેમની ફરજ દરમિયાન સતર્કતા અને તકેદારી સાથે કામ કરે છે, ત્યારે તે અમને સુરક્ષિત ટ્રેન વર્કિંગ માં મદદ મળે છે. અમને આ રેલવે કર્મચારીઓ પર ગર્વ છે.

## ઝાલોદ BOB /ગ્રામીણ બેંકમા ગ્રાહકોને પડતી અસુવિધાઓ અનુસંધાને આપ પાર્ટી પ્રમુખે મૌખિક રજૂઆત કરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદમા બેક ઓફ બરોડા તેમજ ગ્રામીણ બેંકમા ગ્રામીણ ક્ષેત્રથી બેકિંગ કામ અર્થે આવતી મહિલાઓ અને પુરુષોને પાસબુક એન્ટ્રી / પૈસા લેવડ દેવડ સહિત એટીએમ સુવિધાઓ/ બાબતે બેંકના મેનેજર જોડે વિસ્તૃત ચર્ચાઓ કરી હતી તેમજ નજીકના સમયે તહેવારોના સમયે આ સુવિધાઓ પ્રજાને સરળતાથી મળી તે માટે અધુરી કામગરી ત્વરિત પુર્ણ કરવા માંગ કરી હતી, ત્યારે આપ પાર્ટી પ્રમુખ અનિલભાઈ ગરાસિયાએ ગ્રાહકોને પડતી હાલાકી એટીએમ/ સફાઈ/બેઠક વ્યવસ્થા સહિત ગ્રાહકો માટે પીવાના પાણીની સુવિધાઓ બાબતે ચર્ચાઓ કરી હતી. તે અનુસંધાને બેંક મેનેજર દ્વારા ઉપરોક્ત તમામ બાબતે ગ્રાહકોને સારી સુવિધાઓ બાબતે ત્વરિત કામગીરી પુર્ણ કરાશે તેવો દિલાસો આપવામા આવ્યો હતો.


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ









માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨